અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક


# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

26 NOVEMBER-2025 WEDNESDAY | Vol. : 17 | Issue : 145 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3 
પાકિસ્તાને ફરી અફઘાનિસ્તાનમાં એરસ્ટ્રાઈક કરી : ઘર પર બોમ્બમારામાં...

4 
સુરેન્દ્રનગર-ચમારજ સેક્શનમાં બ્લૉકને કારણે રેલવે વ્યવહારને અસર

6 
સ્મૃતિ મંધાના-પલાશે સોશિયલ મીડિયા પરથી લગ્નના ફોટો-વીડિયો હટાવ્યા

7 
સપ્ટેમ્બર ત્રિમાસિકમાં રિટેલ લોનમાં સૌથી વધુ વૃદ્ધિ ગોલ્ડ લોનમાં જોવાઈ

# અમદાવાદમાં બનેલી ધર્મધ્વજા રામ મંદિર પર લહેરાઈ, PM ભાવુક થયા

## સદીઓ જૂના ઘા રુઝાઈ ગયા, હવે ગુલામીની માનસિકતામાંથી મુક્તિનું લક્ષ્ય : મોદી

**અયોધ્યા, તા.25**

અયોધ્યામાં રામલલ્લાની પ્રાણપ્રતિષ્ઠાના 673 દિવસ બાદ PM મોદી અને RSSના વડા મોહન ભાગવતે રામ મંદિરના શિખર પર ધર્મધ્વજ ફરકાવ્યો. સવારે 11.50 વાગ્યે અભિજિત મુહૂર્તમાં બટન દબાવીને 161 ફૂટ ઊંચા શિખર પર 2 કિલોગ્રામનો કેસરિયો ધર્મધ્વજ લહેરાવા લાગ્યો છે. ભાગવતે વૈદિક મંત્રોચ્ચાર સાથે રામ મંદિરના શિખર પર ધર્મધ્વજ ફરકાવ્યો છે. આ સાથે રામ મંદિરનું નિર્માણ પૂર્ણ થયું. આ દરમિયાન પીએમ મોદી ભાવુક થઈ ગયા હતા અને હાથ જોડીને ધર્મધ્વજને નમન કર્યા હતા. ધ્વજારોહણ કરતાં પહેલાં PM મોદીએ મોહન ભાગવત સાથે મંદિરના પહેલા માળે રામ દરબારમાં પૂજા અને આરતી કરી. ત્યાર બાદ તેમણે રામલલ્લાનાં દર્શન કર્યાં. પીએમ રામલલ્લા માટે વસ્ત્રો લઈને પહોંચ્યા હતા. પીએમએ સાકેત કોલેજથી રામ જન્મભૂમિ સુધીનો 1.5 કિમી લાંબો રોડ શો પણ કર્યો હતો. આ દરમિયાન સ્કૂલના વિદ્યાર્થીઓએ કાફલા પર ફૂલોનો વરસાદ કર્યો અને વિવિધ સ્થળોએ મહિલાઓએ તેમનું સ્વાગત કર્યું. અગાઉ એવી ચર્ચા હતી કે અમિતાભ બચ્ચન સહિત અનેક



સેલિબ્રિટીઓને ધ્વજવંદન સમારોહ માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું, પરંતુ કોઈ આવ્યું નહીં.

મંદિર સંકુલમાં ચાર શંકરાચાર્યો સિવાય દેશભરના મઠોના સંતો હાજર હતા. શહેરને 1,000 ક્વિન્ટલ ફૂલોથી શણગારવામાં આવ્યું હતું. મંદિરમાં 5-લેયર સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. ATS, NSG, SPG, CRPF અને PACના જવાનો તહેનાત કરવામાં આવ્યા હતા. રામલલ્લાએ આજે સોના અને રેશમના દોરાથી ભરતકામ કરેલાં પીતાંબર વસ્ત્ર પહેર્યાં હતાં.


પીએમ મોદીએ કહ્યું, ‘ધ્વજ ’સત્યમેવ જય તે ’ના નારાને જગાડશે, જેનો અર્થ છે કે સત્યનો વિજય, અસત્યનો નહીં. આ ધ્વજ એ વાતનું પ્રતીક હશે કે સત્ય બ્રહ્મનું સ્વરૂપ છે.‘ ધર્મ સત્ય પર આધારિત છે. આ ધ્વજ આપણને આપણને પ્રેરણા આપશે કે પ્રાણ જાય પણ વચન નહીં. ભારતના કણ-કણમાં રામ છે. દરેક ખૂણે ગુલામીની માનસિકતા ઘર કરી ગઈ છે. નૌકાદળના ધ્વજ પર એવાં પ્રતીકો બન્યાં હતાં, જેનો આપણા વારસા સાથે કોઈ સંબંધ નહોતો. આપણે ગુલામીના પ્રતીકને હટાવ્યું છે. રામ મંદિરના શિખર પર ધર્મધ્વજ ફરકાવતાંની સાથે રામ મંદિરનું નિર્માણ પૂર્ણ થયું. આ દરમિયાન પીએમ મોદી ભાવુક થઈ ગયા હતા અને હાથ જોડીને ધ્વજને નમન કર્યું હતું.

## ઇથોપિયામાં 12,000 વર્ષ પછી જ્વાળામુખી ફાટ્યો : 15 કિમી ઊંચા ઊઠેલા રાખના વાદળ દિલ્હી સુધી પહોંચ્યાં...

**અદીસ અબાબા, તા.25**

ઈથિયોપિયામાં એક જ્વાળામુખી 12 હજાર વર્ષ પછી અચાનક રવિવારે ફાટ્યો. આ વિસ્ફોટમાંથી નીકળેલી રાખ અને સલ્ફર ડાયોક્સાઈડ લગભગ 15 કિમી ઊંચાઈ સુધી પહોંચ્યાં છે. એ રેડ સીને પાર કરીને યમન અને ઓમાન સુધી ફેલાઈ ગયાં છે.

સોમવારે રાત્રે લગભગ 11 વાગ્યે આ રાખ દિલ્હી પહોંચી ગઈ. વેધર એક્સપર્ટ્સ સતત એનું ટ્રેકિંગ કરી રહ્યા હતા, કારણ કે રાખનાં આ વાદળ લગભગ 130 કિમી પ્રતિ કલાકની ઝડપે ઉત્તર-પશ્ચિમ



ભારત તરફ આગળ વધી રહ્યાં હતાં.

વેધર મોનિટરિંગ ટીમ પ્રમાણે રાખનો આ ગુબાર સૌથી પહેલા પશ્ચિમ રાજસ્થાનમાં દાખલ થયો. ઇન્ડિયા મેટ સ્કાય વેધર એલર્ટે જણાવ્યું હતું કે રાખનાં આ વાદળ જોધપુર-જેસલમેર તરફથી ભારતમાં પ્રવેશ કરી ચૂક્યાં છે અને હવે ઉત્તર-પૂર્વ તરફ આગળ વધી રહ્યાં છે.

રાખનાં આ વાદળ રાજસ્થાન, હરિયાણા અને દિલ્હી સુધી ફેલાઈ ગયાં છે. એનો એક ભાગ ગુજરાતને પણ સ્પર્શી શકે છે. રાત્રે પંજાબ, પશ્ચિમ યુપીના પહાડી વિસ્તારો અને હિમાચલ પર એની અસર જોવા મળવાની શક્યતા છે. આને ધ્યાનમાં રાખીને ઘણી એરલાઈન્સે તેમની ફ્લાઈટ્સ રદ કરી દીધી છે.

## દેશમાંથી ભાજપના મુળીયા ઉખેડી નાખીશ : મમતા

### એન્ટી-SIR રેલીમાં કહ્યું- ચૂંટણી પંચ હવે ભાજપ પંચ બની ગયું છે, તે નિષ્પક્ષ સંસ્થા નથી

**બોનગાંવ, તા.25**

પશ્ચિમ બંગાળના CM મમતા બેનર્જીએ મંગળવારે આરોપ લગાવ્યો કે ચૂંટણી પંચ હવે નિષ્પક્ષ સંસ્થા નથી રહ્યું, તે ‘બીજેપી આયોગ’ બની ગયું છે. તેમણે કહ્યું કે જો તેમને બંગાળમાં પડકારવામાં આવશે, તો તેઓ આખા દેશમાં ભાજપનો પાયો હચમચાવી દેશે.

મમતા બોનગાંવમાં એન્ટી-SIR રેલીને સંબોધન કરી રહ્યા હતા. મમતાએ દાવો કર્યો કે જો રાજ્યના મતુઆ-બહુલ વિસ્તારોમાં રહેતા લોકો નાગરિકતા (સંશોધન) અધિનિયમ - CAA હેઠળ પોતાને વિદેશી જાહેર કરશે, તો તેમને તરત જ મતદાર યાદીમાંથી હટાવી દેવામાં આવશે.

મતદાર યાદીના ચાલી રહેલા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) મામલે મમતાએ આ સવાલ ઉઠાવ્યો કે જો SIRનો હેતુ ગેરકાયદેસર બાંગ્લાદેશીઓને હટાવવાનો છે, તો ભાજપ શાસિત રાજ્યોમાં SIR શા માટે કરાવવામાં આવી રહ્યું છે? શું



ભાજપ એ સ્વીકારી રહ્યું છે કે તેના ‘ડબલ એન્જિન’ વાળા રાજ્યોમાં પણ ઘૂસણખોરો હાજર છે? જો બાંગ્લાદેશી સમસ્યા છે, તો તમે મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં ’SIR’ શા માટે ચલાવી રહ્યા છો?

તેમણે કહ્યું કે, એકવાર SIR પછી ડ્રાફ્ટ મતદાર યાદી સામે આવશે, ત્યારે લોકો સમજી જશે કે ચૂંટણી પંચ અને ભાજપે કેટલો મોટો ’વિનાશ’ કર્યો છે.

મમતાએ કહ્યું, મને બાંગ્લાદેશ એક દેશ તરીકે ખૂબ ગમે છે, કારણ કે અમારી ભાષા એક જેવી છે. હું બીરભૂમથી છું, પરંતુ એક દિવસ તેઓ મને બાંગ્લાદેશી કહેશે. વડાપ્રધાન મોદીને 2024માં આ જ મતદાર યાદીના આધારે મત મળ્યા હતા. જો તમારું નામ હટાવી દેવામાં આવશે, તો કેન્દ્ર સરકારને પણ હટાવી દેવી જોઈએ. મમતાએ પૂછ્યું - આટલી જલ્દી ’SIR’ શા માટે ચલાવવામાં આવી રહ્યું છે? જ્યાં સુધી હું અહીં છું, હું તમને બહાર (મતદાર યાદીમાંથી) નહીં કાઢવા દઉં. કોઈપણ તમને બહાર કાઢી શકશે નહીં.

મમતાએ વધુમાં કહ્યું કે, જો SIR બે-ત્રણ વર્ષ સુધી કરવામાં આવે, તો અમે આ પ્રક્રિયાને દરેક સંભવિત સંસાધન સાથે સમર્થન આપીશું. તેમણે દાવો કર્યો કે બિહાર ચૂંટણી પરિણામ SIRની જ અસર હતી, અને વિપક્ષ ભાજપની રણનીતિને ત્યાં સમજી જ ન શક્યો.

મમતાએ ચેતવણી આપતા કહ્યું કે, જો ભાજપ બંગાળમાં મને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરશે, તો હું આખા ભારતમાં તેનો પાયો હચમચાવી દઈશ. તેમણે ઘણી વાર ભાજપને જણાવ્યું છે કે તેઓ તેમને રાજકીય રીતે ન તો પડકારી શકે છે અને ન તો હરાવી શકે છે. 1951 થી 2004 સુધીનું SIR થઈ ગયું છે, પરંતુ છેલ્લા 21 વર્ષથી બાકી છે. આ લાંબા ગાળામાં મતદાર યાદીમાં ઘણા ફેરફારો જરૂરી છે.



### ઘરમાંથી 1.62 કરોડની બે બોરી નકલી નોટો-3 કિલો સોનુ મળ્યું

# પાંચ કરોડની ઠગાઈનો માસ્ટર માઈન્ડ વડોદરામા પોલીસ બની ખેલ પાડ્તો, સસ્તુ સોનુ આપવાનું કહી લોકોને ફસાવતો



વડોદરા, તા.25

કર્ણાટક ખાતે રહેતા ફરિયાદીને સસ્તામાં સોનું અપાવવા તથા રૂપિયા 10 કરોડની લોન પાસ કરાવવાનું કહી ખોટા વાયદા આપીને તેની પાસેથી મહિલા સહિતની ગેંગે રૂપિયા 4.92 કરોડ પડાવી છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ વડોદરાના જે પી રોડ પોલીસ મથકમાં નોંધાઈ હતી. આ મામલે તપાસમાં સામે આવ્યું કે મુખ્ય સૂત્રધાર ઈલ્યાસ અજમેરી તેના ભાઈ ઈદ્રીશ અજમેરીના ઘરે તપાસ કરતા 1.62 કરોડની નકલી ચલણી નોટો અને ત્રણ કિલો નકલી સોનાના બિસ્કિટ મળી આવ્યા છે. આ કાર્યવાહીમાં લોકો સાથે મોટી છેતરપિંડી થઈ હોવાના એંધાણ છે. મુખ્ય આરોપી લોકોને નકલી પોલીસ બનીને ઠગાઈ આચરી હોવાનું હાલમાં સામે આવ્યું છે.

આ અંગે ડીસીપી ઝોન 2 મંજીતા વણઝારાએ જણાવ્યું હતું કે, ગત 21 તારીખે આ ગુનો જે પી રોડ પોલીસ મથકમાં દાખલ કરવામાં આવ્યો હતો. સમગ્ર મામલે બે વ્યક્તિઓની ધરપકડ કરી હતી જેમાં ભરત પ્રજાપતિ અને વિરલ સાકરિયા નામના વ્યક્તિની ધરપકડ કરી હતી. આ ફરિયાદમાં ઘણા આરોપીઓ છે જેઓની તપાસ ચાલી રહી છે. આ કાર્યવાહીમાં મુખ્ય સૂત્રધાર રાજવીર પરીખ ઉર્ફે ઈલ્યાસન અજમેરીના ઘરે તપાસ કરવામાં આવી હતી. તે દરમ્યાન ગુનાને લગતો મુદ્દામાલ તેઓના ભાઈના ઘરે મુક્યા હોવાની વિગતો સામે આવી હતી. તેનો ભાઈ ઈદ્રીશ અજમેરીના ઘરે જે મુદ્દામાલ સંતાડ્યો હતો.

વધુમાં ડીસીપીએ જણાવ્યું હતું કે, આ અગાઉ પાંચ જેટલા ગુનાઓ નોંધાયેલા છે. તેની એમ.ઓમાં તે લોકોને નકલી પોલીસ તરીકેની ઓળખ આપી છેતરપિંડી આચરી હોવાની વિગતો તપાસમાં સામે આવી છે. હાલમાં તમામ તપાસ કરવામાં આવી રહી છે. અન્ય કોઈ રાજ્યમાં કઈ રીતે ઠગાઈ આચરી છે તે દિશામાં તપાસ કરવામાં આવી રહી છે.

સસ્તામા સોનું અપાવવાનું કહીને લોકો પાસેથી રૂપિયા પડાવવાનું કાવતરુ ઘડી લોકો સાથે ઠગાઈ આચરનાર સામે કર્ણાટક ખાતે રહેતી મંજુ આર રવિએ નોંધાવેલી ફરિયાદ મુજબ ગેડા સર્કલ પાસે સિગ્નેટ હબ ઓફિસ ધરાવનાર રાજવીર તથા તેના ભાગીદારો વિશાલ બારડ તથા નયનાબેન મહિડાએ ઓછી કિંમત સોનું અપાવવાની લાલચ રૂપિયા પડાવ્યાં હતા.

ત્યારબાદ વિશાલ તથા નયના મહિડાએ લોન અપાવવાનો વિશાલે ભરોસો અપાવ્યો હતો. ત્યાર રાજવીરે સસ્તુ સોનુ અપાવવાનું કહીને રૂ. 4.61 કરોડ તથા વિશાલ બારડ પોતે લોન એજન્ટ હોવાનું જણાવીને રૂપિયા 10 કરોડની લોન આપવા માટે બેન્કના મેનેજર કમિશન પેટે એડવાન્સ આપવાના જણાવી રૂ. 31 લાખ મેળવી લીધા હતાં.

આ ઉપરાંત અન્ય આરોપીઓ સાથે કર્ણાટકના મંજુ આર રવિ પાસેથી રૂ.4.92 કરોડ રૂપિયા પડાવ્યા હતા અને સસ્તામાં સોનું પણ અપાવ્યું ન હતું કે 10 કરોડની લોન પણ નહી આપીને તેમની સાથે છેતરપિંડી આચરી હતી. જેથી જે પી રોડ પોલીસ દ્વારા આરોપી વિશાલ વિનોદ બારડ, નયના મહિડા, રાજવીર પરીખ ઉર્ફે ઈલ્યાસ અજમેરી, રાજભાઈ, સુલતાન નામનો ડ્રાઈવર, વિરલ (ડોક્ટર) લાલાભાઈ, સમીરભાઈ, ગણેશ, હર્ષ શર્મા શ્રીનિવાસન નામનો ઈડીનો અધિકારી, મહારાષ્ટ્ર ટોલના પાસે કાર રોકનાર પોલીસની ઓળખ આપનાર અન્ય 19 લોકો સામે ઠગાઈની ફરિયાદ નોંધી તેમને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા હતા.

### 100 કલાકની કામગીરીનો પોલીસ રિપોર્ટ તૈયાર

# રાષ્ટ્ર વિરોધ પ્રવૃત્તિ કરતા 1353 પૈકી 529 આરોપીની વિગત મળી, 106ના મોત, 52 જેલમાં બંધ અન્યની શોધખોળ ચાલુ




રાજકોટ, તા.25

રાજ્યના પોલીસ વડા દ્વારા ગુજરાત પોલીસને સૂચના આપી છેલ્લા 30 વર્ષમાં રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ કરતા ઝડપાયેલા આરોપીઓની વિગતવાર તપાસ કરી સંપૂર્ણ વિગત સાથે ડિટેઈલ રિપોર્ટ તૈયાર કરી 100 કલાકમાં સબમિટ કરવા સૂચના આપવામાં આવી હતી. જે અંતર્ગત રાજકોટ શહેર પોલીસ દ્વારા આ કામગીરી અંતર્ગત છેલ્લા 30 વર્ષમાં કુલ 1353 આરોપીઓ રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિમાં સંકળાયેલ હોવાનું સામે આવતા રિપોર્ટ તૈયાર કરી રાજ્ય પોલીસ વડાને સુપ્રત કરવામાં આવ્યો છે. જેમાં 529 આરોપીની વિગત મળી આવી છે જ્યારે 106ના મોત થયાંનું સામે આવ્યું છે. આ ઉપરાંત 52 આરોપી હાલ જેલમાં બંધ છે. રાજકોટ શહેર ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું કે, ફરીદાબાદમાં જે એક્સ્પ્લોઝીવ પકડાયા અને દિલ્લીમાં જે બ્લાસ્ટની ઘટના બની ત્યારથી સુરક્ષા એજન્સીઓ દ્વારા એલર્ટ આપવામાં આવ્યું હતું. આ પછી રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય દ્વારા રાજ્યની અંદર રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ કરતા ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવા અને તેનો એક ડિટેઈલ રિપોર્ટ તૈયાર કરવા સૂચના આપવામાં આવી હતી. જે રિપોર્ટ 100 કલાકની અંદર તૈયાર કરી રાજ્ય પોલીસ વડા કચેરી ખાતે સુપ્રત કરવામાં આવ્યો છે. તેમને વધુમાં જણાવ્યું હતું કે, NDPS, હથિયાર ધારા, ફેક કરન્સી, ટાડા, પોટા, UAPA, એક્સપ્લુઝીવ એક્ટ, અને પેટ્રોલિયમ એક્ટ હેઠળ છેલ્લા 30 વર્ષમાં રાજકોટ શહેરમાં 1353 ગુનેગારો ઝડપાયા હોવાની માહિતી સામે આવી હતી. જે તમામ આરોપીઓ હાલના સરનામાં, નોકરી ધંધા, પરિવારના સભ્યો, બેન્ક ડિટેઈલ, સોશિયલ મીડિયા એકાઉન્ટ, પરિવારના સભ્યોની પૂરતી વિગત સહીત તમામ બાબતો અંગે પોલીસ રૂબરૂ જઈ તપાસ શરૂ કરી હતી. આ દરમિયાન પોલીસને કુલ 529 આરોપીની વિગત મળી આવી છે, જ્યારે 106ના મોત થયાંનું સામે આવ્યું છે. આ ઉપરાંત 52 આરોપી હાલ જેલમાં બંધ છે. જ્યારે બાકીના આરોપી અંગે શોધખોળ ચાલુ છે.

ઉલ્લેખનીય છે કે, ગુનેગારોની યાદી તૈયાર કરવા મળેલી સૂચના અંગે કાર્યવાહી કરવાથી લોકલ પોલીસની ટીમ તેમના વિસ્તારમાં રહેતા આવા ગંભીર ગુનાનાં કે પછી દેશ વિરોધી પ્રવૃતિમાં જોડાયા હોય તેવા આરોપીઓથી અવગત થશે તેમજ તેમની ગતિવિધિઓથી પરિચિત થશે. આ કરવાથી ગુનેગારો ઉપર સ્થાનિક પોલીસની પકડ મજબૂત પણ બનશે અને સાથે સાથે ગુનેગારોમાં પણ એક ફફડાટ પણ જરૂર ઉભો થશે.

### લગ્ન પ્રસંગમાંથી ઘરે જતાં વૃદ્ધ દંપતીનું રસ્તામાં મોત

# સુરત આઉટર રિંગ રોડ પર બાઈકના સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવતા ટેન્કર સાથે અથડાયા....




સુરત, તા.25

સુરતનો આઉટર રિંગ રોડ ફરી એકવાર લોહીલુહાણ થયો છે. બાઈક પર જઈ રહેલું વૃદ્ધ દંપતી ટેન્કર સાથે અથડાતા બંનેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. વિશાળ ટેન્કર બાજુમાંથી પસાર થતા સમયે વૃદ્ધ બાઈક ચાલકથી સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવતા પાછળના ટાયરમાં ઘૂસી જતા લોહીલુહાણ થયાં હતાં. આ અંગે જાણ થતા અમરોલી પોલીસે ઘટનાસ્થળે દોડી જઈ વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી પ્રમાણે, મૂળ ભાવનગરના માન વિલાસ ગામના રહેવાસી અને હાલ સુરતના સરથાણા જકાતનાકા વિસ્તારમાં ઋષિકેશ એપાર્ટમેન્ટમાં રહેતાં 60 વર્ષીય ભૂપતભાઈ લાલજીભાઈ ડુંગરાણી પરિવાર સાથે રહેતા હતા. પરિવારમાં પત્ની, દીકરો, પુત્રવધુ અને પૌત્રી-પૌત્ર છે. ભૂપતભાઈના દીકરાને મિલિંદ ટેક્સટાઈલ માર્કેટમાં સાડીની દુકાન છે. 24 નવેમ્બરે ભૂપતભાઈ અને તેમના 58 વર્ષીય પત્ની ઉષાબેન બાઈક પર વરિયાવથી વેદાંત સર્કલ તરફ જઈ રહ્યા હતા.

ભૂપતભાઈ અને તેમના પત્ની અમરોલી ખાતે સબંધીના લગ્ન પ્રસંગમાં હાજરી આપવા ગયા હતા અને ત્યાંથી ઘરે પરત ફરતા હતા. દરમિયાન આઉટર રિંગ રોડ પર વેદાંત સર્કલ પાસે પસાર થઈ રહ્યા હતા. આ સમયે બાજુમાંથી એક વિશાળ ટેન્કર પસાર થતાં ભૂપતભાઈએ બાઈકના સ્ટેયરિંગ પરથી કાબુ ગુમાવી દીધો હતો અને સીધા ટેન્કરના પાછળના ટાયર સાથે અથડાયા હતા. ત્યારબાદ બંને રોડ પર પટકાતા માથામાં ગંભીર ઈજાવો થઈ હતી.

અકસ્માતના પગલે આસપાસથી લોકો દોડી આવ્યા હતા. જોકે ઉષાબેનનું મોત થઈ ચુક્યું હતું, જ્યારે ભૂપતભાઈના થોડા શ્વાસ ચાલી રહ્યા હતા જેથી રાહદારીઓ દ્વારા 108ને બોલાવવામાં આવી હતી. જોકે, 108ના તબીબ દ્વારા ભૂપતભાઈને પણ મૃત જાહેર કરવામાં આવ્યા હતા. આ અંગે દીકરાને જાણ કરવામાં આવતા ઘટનાસ્થળે દોડી ગયો હતો. આ સાથે જ પોલીસને પણ જાણ થતા અમરોલી પોલીસ સ્થળે દોડી ગઈ હતી.

અકસ્માતે પરિવારે ઘરના બે વડીલને ગુમાવતા શોકનો માહોલ છવાઈ જવા પામ્યો છે. હાલ તો આ મામલે ટેન્કરચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધીને અમરોલી પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# સુરતની મહિલાએ રામલલ્લા સાથે PM અને હીરાબાનું પેઈન્ટીંગ બનાવ્યું

### PMને ભેટમાં આપવાની ઈચ્છા, નીલાબેને કહ્યું- 'રામનામ'ના જાપ અને પેઈન્ચટીંગના સહારે મારી બીમારી દૂર થઈ



સુરત, તા.25

PM મોદીએ આજે અયોધ્યામાં રામમંદિર પર ધ્વજારોહણ કર્યું છે. એ જ સમયે સુરતમાં રહેતા એક મહિલા આર્ટિસ્ટે અયોધ્યામાં બિરાજમાન રામલલ્લા, PM મોદી અને માતા હીરાબાનું એક અદભુત પેઈન્ટીંગ તૈયાર કર્યું છે. આ પેઈન્ટીંગ સાથે નીલાબેન વરિયાની અતૂટ શ્રદ્ધા પણ જોડાયેલી છે.

નીલાબેનનું માનીએ તો, પાંચ-છ વર્ષ પહેલા આંતરડાની બીમારી થયા બાદ લાંબી સારવાર પછી પણ નિદાન ન થયું. જે તે સમયે તબીબે નીલાબેનને તેમની ગમતી પ્રવૃતિ કરવાની સલાહ આપી હતી. જેથી નીલાબેને રામનામના જાપ સાથે પેઈન્ટીંગની શરૂઆત કરી હતી. નીલાબેન માની રહ્યા છે કે, આજે પાંચ વર્ષ બાદ વગર કોઈ દવા કે સારવાર વગર હું સ્વસ્થ થઈ ગયું છું. આ મારા અને મારા પરિવાર માટે ચમત્કાર છે. નીલાબેને હાલ જે પેઈન્ટીંગ તૈયાર કર્યું છે તે ભવિષ્યમાં પીએમ મોદીને ભેટ આપવાની ઈચ્છા છે.

આ કિસ્સો આશરે પાંચ-છ વર્ષ જૂનો છે. નીલાબેન વરિયાને આંતરડાની ગંભીર બીમારી હતી, જેના કારણે તેમને સતત સોજો રહેતો હતો. નવાઈની વાત એ છે કે તેમના પરિવારમાં જ સાત જેટલા ડૉક્ટરો હોવા છતાં અને તમામ પ્રકારની દવાઓ લેવા છતાં તેમની તબિયતમાં કોઈ સુધારો થતો નહોતો. સારવાર માટે તેઓ અમદાવાદના નિષ્ણાત તબીબો પાસે પણ ગયા હતા, પરંતુ ત્યાં પણ ડૉક્ટરોએ સ્પષ્ટ કહી દીધું હતું કે દવા હવે વિશેષ કામ આપી શકે તેમ નથી. હતાશ થયેલા નીલાબેનને ડૉક્ટરે સલાહ આપી કે, 'તમને જે વસ્તુ સૌથી વધારે ગમતી હોય તે કરો, તેનાથી જ કદાચ ફેર પડશે.'

ડૉક્ટરની સલાહ મળતા જ નીલાબેનને નાનપણનો ચિત્રકલાનો અધૂરો શોખ યાદ આવ્યો. શારીરિક પીડા વચ્ચે પણ તેમણે મનોબળ એકઠું કર્યું અને નક્કી કર્યું કે તેઓ ભગવાન રામનું નામ લઈને પેઈન્ટિંગની શરૂઆત કરશે. તેમણે ભગવાન રામમાં અપાર શ્રદ્ધા રાખીને પીંછી ઉપાડી. રાત્રિના સમયે જ્યારે પણ અનુકૂળતા મળતી, તેઓ રામનામનો જાપ કરતાં-કરતાં કેનવાસ પર રંગો પૂરતા.

નીલાબેન જણાવે છે કે, 'રામનામમાં મોટો ચમત્કાર છે. મેં જ્યારે પેઈન્ટિંગ શરૂ કર્યું ત્યારે મારું ધ્યાન દર્દ પરથી હટીને રામભક્તિ અને કલામાં પરોવાઈ ગયું. પાંચ વર્ષ પહેલા મેં રામનું નામ લઈને શરૂઆત કરી હતી અને આજે પાંચ વર્ષ પછી વગર કોઈ દવા કે સારવાર હું સંપૂર્ણ સાજી થઈ ગઈ છું. આ મારા અને મારા પરિવાર માટે સાક્ષાત ચમત્કાર છે.'

નીલાબેન છેલ્લા છ મહિનાથી એક ખાસ પેઈન્ટિંગ તૈયાર કરી રહ્યા હતા. આ ચિત્રની વિશેષતા એ છે કે તેમાં અયોધ્યામાં બિરાજમાન પ્રભુ શ્રી રામ રામલલા, ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પૂજ્ય માતા હીરાબાને એકસાથે કંડારવામાં આવ્યા છે.

આ પેઈન્ટિંગ વિશે વાત કરતા નીલાબેને જણાવ્યું કે, 'જે રીતે ત્રેતાયુગમાં ભગવાન રામ પોતાની પ્રજાનું રક્ષણ કરતા હતા અને ધર્મની સ્થાપના કરી હતી, તે જ રીતે આજે કળિયુગમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ધર્મનો પ્રચાર-પ્રસાર અને પ્રજાનું રક્ષણ કરી રહ્યા છે.' આ ભાવના સાથે તેમણે આ ચિત્ર તૈયાર કર્યું છે. સંજોગોવશાત, જ્યારે વડાપ્રધાન મોદી અયોધ્યામાં ભવ્ય રામ મંદિર ખાતે ધર્મ ધ્વજા લહેરાવી રહ્યા હતા, બરાબર એ જ સમયે નીલાબેનનું આ પેઈન્ટિંગ પણ પૂર્ણ થયું હતું.

# થાઈલેન્ડમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું ગૌરવ: હેન્ડબોલની કોન્ટિનેન્ટલ ટ્રોફી માટે ભારતની ટીમમાં રાજકોટની દયા ઝાપડીયાની પસંદગી...



રાજકોટ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વધુ એક ખેલાડીની સિદ્ધિએ ગૌરવ વધાર્યુ છે. થાઈલેન્ડમાં ઈન્ટરનેશનલ ફેડરેશન દ્વારા આયોજિત કોન્ટિનેન્ટલ ટ્રોફીમાં ભારતની ટીમની 16 ખેલાડીઓમાં ગુજરાતમાંથી એક માત્ર રાજકોટની કુંડલિયા કોલેજની દીકરીની પસંદગી થઈ છે. છેલ્લા 10 વર્ષથી હેન્ડબોલની તનતોડ પ્રેક્ટીસ કરતી દીકરીની ચંદીગઢમાં નેશનલ કેમ્પમાં ભારતની ટોપ 16 ખેલાડીઓમાં દયા ઝાપડીયા સિલેક્ટ થતા હાલ તે થાઈલેન્ડમાં જુનિયર બહેનોની કોન્ટિનેન્ટલ ટ્રોફીમાં રમવા પહોંચી છે. આ દીકરી સહિતની ટીમ આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભારતને મેડલ અપાવે તેવી પૂરેપૂરી આશા છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઈન્ચાર્જ શારીરિક શિક્ષણ નિયામક ડૉ. હરીશ રાબાએ જણાવ્યું હતું કે, યુનિવર્સિટી સંલગ્ન જે. જે. કુંડલિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં બી.એ. સેમેસ્ટર - 5 માં ગુજરાતી વિષય સાથે અભ્યાસ કરતી વિદ્યાર્થિની દયા ઝાપડીયા હેન્ડબોલની ખુબ જ સારી ખેલાડી છે. જે છેલ્લા 10 વર્ષથી તે હેન્ડબોલની પ્રેક્ટિસ કરે છે અને DLSS સ્કૂલમાંથી આવેલી છે. તાજેતરમાં જ ચંદીગઢમાં 2 માસનો ઈન્ડિયાનો કેમ્પ થયો જેમાં ભારતમાંથી બેસ્ટ 16 ખેલાડીઓને પસંદ કરવામાં આવ્યા જેમાં આ દીકરી સમગ્ર ગુજરાતમાંથી એક માત્ર છે.

ઈન્ટરનેશનલ ફેડરેશનની હેન્ડબોલની ટુર્નામેન્ટ માટે ભારતની ટીમમાં તેનું સિલેક્શન થયું છે. જે દીકરીના પરિવારજનો અને કુંડલીયા કોલેજ તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માટે ખૂબ જ ગૌરવપૂર્ણ બાબત છે. થાઈલેન્ડમાં કોન્ટીનેન્ટલ ટુર્નામેન્ટ અત્યારે ચાલી રહી છે જેમાં ભારતની ટીમમાંથી આ ખેલાડી રમી રહી છે. 24 થી 28 નવેમ્બર સુધી આ ટુર્નામેન્ટ યોજાઈ રહી છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માટે આ પ્રથમ એવી ઘટના હશે કે જેમાં અહીંની વિદ્યાર્થિની હેન્ડબોલની ભારતની ટીમમાં પસંદગી પામી છે. જુનિયર ઈન્ટરનેશનલ ટુર્નામેન્ટમાં હાલ તે રમી રહી છે.

# રાજકોટની 8 વિધાનસભામાં SIR ની 60% કામગીરી પૂર્ણ

### સૌરાષ્ટ્રમાં મૃત્યુ પામેલા 1.66 લાખના નામ મતદાર યાદીમાં, 1.52 લાખ મતદારોનું સ્થળાંતર



રાજકોટ, તા.25

રાજકોટની 8 વિધાનસભાના 2256 બુથના મત વિસ્તારમાં ગત 4 નવેમ્બરથી શરૂ કરવામાં આવેલી સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવીઝન(SIR) ની 21 દિવસની કામગીરીમાં 60 ટકા જેટલી કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે. જિલ્લામાં કુલ 23.91 લાખ મતદારોને સૌપ્રથમ ફોર્મ વિતરણ કરાયા બાદ તેમાંથી આજની સ્થિતિએ કુલ 15 લાખ ફોર્મ ભરાઈને પરત આવ્યા છે. જ્યારે તેમાં 51000 મતદારો એવા છે કે તેમનું મૃત્યુ થઈ ગયું છે તેમ છતાં પણ તેમના નામ મતદારયાદીમાં હતા. જ્યારે સૌરાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કુલ 1.66 લાખ જેટલા મૃત મતદારો હોવાનું જાણવા મળી રહ્યું છે. આગામી 4 ડિસેમ્બર સુધીમાં ફોર્મ ભરીને પરત નહીં આપનારના નામ મતદાર યાદીમાંથી રદ કરવામાં આવશે. વહીવટી તંત્રના જણાવ્યા મુજબ, અત્યાર સુધીમાં બીએલઓ દ્વારા ત્રણ વખત મતદારોના ઘરની મુલાકાત કરી લીધી છે. આ દરમિયા ચાર દિવસ મતદાન મથક ઉપર ખાસ કેમ્પ પણ રાખવામાં આવ્યા હતા જેમાં 2002ની યાદીમાં જે મતદારોના નામ હતા તે મતદારોએ ફોર્મ ભરી બીએલઓને જમા કરાવી લીધા છે. હવે મતદાર યાદીમાં નામ રાખવુ કે કમી કરાવવાની જવાબદારી મતદારોની છે. બીએલઓ ફોર્મ લેવા નહી આવે. મતદારોને જે ફોર્મ આપ્યા છે તેમાં કામગીરીમાં સોમનાથ જિલ્લો મોખરે છે. રાજયમાં છઠ્ઠા ક્રમે છે. જ્યારે જામનગર જિલ્લામાં 48.35 ટકા. મોરબી જિલ્લામાં 43.64 ટકા અને પોરબંદર જિલ્લામાં 41.02 ટકા જ કામગીરી થઈ છે.

# હત્યારી પત્નીનું પોલીસે રિકન્સ્ટ્રક્શન કર્યું: પ્રેમી અને મામા સાથે મળી ઘેનની ગોળી આપી પતિની હત્યા કરી હતી



વડોદરા, તા.25

18 નવેમ્બરની રાત્રિના વડોદરા શહેરના તાંદલજા ગામના ચોતરાવાળા ફળિયામાં રહેતી પત્ની ગુલબાનુએ તેના મુંબઈમાં રહેતા પ્રમી મોહમ્મદ તૌસીફ અને તેના મામા મહેતાબે મળીને પતિ ઈર્શાદ બંજારા (ઉ.વ. 32)નું ઓશીકાથી મોઢું દબાવી દીધા બાદ માથું જમીન પર પછાડી હત્યા કરી હતી. આ હત્યા કેસમાં પોલીસે આરોપી પત્ની ગુલબાનુની ધરપકડ કરી હતી અને આજે ઘટનાસ્થળે રિકન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું. જ્યારે આરોપી પ્રેમી અને તેના મામાને ઝડપી પાડવા વડોદરા પોલીસની ટીમ મુંબઇ રવાના કરાઈ છે.

ઉલ્લેખનીય છે કે, ગુલબાનુ મુંબઈમાં રહેતા મોહમ્મદ તૌસીફ સાથે લાંબા સમયથી પ્રેમ સંબંધ હતો. પતિ ઈર્શાદ આ સંબંધમાં આડો આવતો હોવાથી બંનેએ તેને રસ્તેથી હટાવવાનું ષડયંત્ર રચ્યું હતું.

તાંદલજા વિસ્તારમાં આ ચકચારી ઘટનાને અંજામ આપનાર પત્નીને પોલીસે ઝડપી રિમાન્ડ મેળવી વધુ તપાસ હાથ ધરી હતી. આ કાર્યવાહીમાં આજે આરોપી પત્નીને પતિને પોતાના પ્રેમી અને મામા સાથે મળી મોતને ઘાટ ઉતારી હતી. તે જગ્યાએ રિકન્સ્ટ્રક્શન કર્યું હતું. આ કાર્યવાહી દરમિયાન હત્યામાં ઉપયોગમાં લેવાયેલું ઓશિકું અને દુપટ્ટો પોલીસે રિકવરી કર્યો છે.

ગત 18 નવેમ્બરે ગુલબાનુ અકોટા વિસ્તારની મિલન હોટલમાં તેના પ્રેમી મોહમ્મદ તૌસીફને મળવા ગઈ હતી. ત્યાં તૌસીફે તેને ઘેનની ગોળીઓ આપી અને રાત્રે દૂધમાં ભેળવીને પતિને પીવડાવવાનો પ્લાન ઘડ્યો હતો. રાત્રે ગુલબાનુએ ઈર્શાદને દૂધમાં ઘેનની ગોળી ઓગળીને પીવડાવી દીધી અને વોટ્સએપ કોલ કરીને તૌસીફને ઘરે બોલાવ્યો હતો. ત્યાર બાદ રાત્રે 1 વાગ્યે મોહમ્મદ તૌસીફ અને તેનો મામા મહેતાબ ગુલબાનુના ઘરે પહોંચ્યા હતા.

ઘેનની ગોળીની અસરથી ઈર્શાદ બેભાન હાલતમાં જમીન પર સૂતો હતો. તે સમયે ગુલબાનુએ બંને હાથથી પતિ ઈર્શાદના પગ પકડી રાખ્યા હતા અને તૌસીફે ઓશીકું મોઢા પર મૂકીને જોરતી દબાવી રાખ્યું હતું. જ્યારે મહેતાબે ગુલબાનુનો દુપટ્ટો લઈને ઈર્શાદના ગળે વીંટાળીને ખેંચ્યો હતો. તરફડિયાં મારતા ઈર્શાદનું માથું તૌસીફે જમીન પર પછાડ્યું અને તેનું મોત નિપજ્યું હતું.

હત્યા બાદ તૌસીફ અને મહેતાબ ઘટનાસ્થળેથી નાસી છૂટ્યા હતા. ગુલબાનુએ પરિવારજનોને ખોટી વાત કહી કે ઈર્શાદનું છાતીમાં દુ:ખાવાથી મોત થયું છે અને તેની દફનવિધી પણ કરાવી દીધી હતી. જોકે, દફનવિધી દરમિયાન ગુલબાનુ કોઈની સાથે ફોન પર વાતો કરતી હોવાથી મૃતકના ભાઈ ઈમ્તિયાઝને શંકા ગઈ હતી.

પરિવારની પૂછપરછમાં ગુલબાનુએ સ્વીકાર કર્યો હતો કે તેણે પ્રેમીની મદદથી પતિની હત્યા કરી હતી. ત્યાર બાદ પરિવારે જે.પી. રોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુલબાનુની ધરપકડ કરી હત્યાનો ગુનો નોંધી તેના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે. જ્યારે આરોપી પ્રેમી મોહમ્મદ તૌસીફ અને તેના મામા મહેતાબ હજુ ફરાર છે. બંનેની શોધખોળ માટે જે.પી. રોડ પોલીસની બે ટીમ મુંબઈ રવાના થઈ છે. ત્યાં તૌસીફે તેને ઘેનની ગોળીઓ આપી અને રાત્રે દૂધમાં ભેળવીને પતિને પીવડાવવાનો પ્લાન ઘડ્યો હતો. રાત્રે ગુલબાનુએ ઈર્શાદને દૂધમાં ઘેનની ગોળી ઓગળીને પીવડાવી દીધી અને વોટ્સએપ કોલ કરીને તૌસીફને ઘરે બોલાવ્યો હતો. ત્યાર બાદ રાત્રે 1 વાગ્યે મોહમ્મદ તૌસીફ અને તેનો મામા મહેતાબ ગુલબાનુના ઘરે પહોંચ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# પાકિસ્તાને ફરી અફઘાનિસ્તાનમાં એરસ્ટ્રાઈક કરી : ઘર પર બોમ્બમારામાં 10 લોકોના મોત

**ઈસ્લામાબાદ, તા.25**

પાકિસ્તાને સોમવારે રાત્રે ફરી એકવાર અફઘાનિસ્તાનની અંદર એરસ્ટ્રાઈક કરી. તાલિબાન પ્રશાસન મુજબ, આ હુમલાઓમાં ઓછામાં ઓછા 10 નાગરિકોના મોત થયા, જેમાં 9 બાળકો અને એક મહિલાનો સમાવેશ થાય છે.

તાલિબાનના પ્રવક્તા ઝબીઉલ્લાહ મુજાહિદે જણાવ્યું કે અફઘાનિસ્તાનના ખોસ્ત પ્રાંતમાં એક ઘર પર હુમલો કરવામાં આવ્યો. તેમણે કહ્યું કે રાત્રે લગભગ 12 વાગ્યે પાકિસ્તાની વિમાનોએ ગરબજ જિલ્લાના મુગલગઈ વિસ્તારમાં એક ઘર પર બોમ્બમારો કર્યો. આ હુમલામાં 5 છોકરાઓ, 4 છોકરીઓ અને એક મહિલાનું મોત થયું અને ઘર સંપૂર્ણપણે તબાહ થઈ ગયું.



તાલિબાન પ્રવક્તાએ એ પણ જણાવ્યું કે પાકિસ્તાને કુનાર અને પક્તિકા પ્રાંતોમાં પણ હુમલા કર્યા, જેમાં ચાર નાગરિકો ઘાયલ થયા. આ ઘટના પર પાકિસ્તાનની સેના અને વિદેશ મંત્રાલય તરફથી હજુ સુધી કોઈ પ્રતિક્રિયા મળી નથી.

આ હુમલો એવા સમયે થયો જ્યારે પાકિસ્તાન પોતે પણ સુરક્ષા પડકારોનો સામનો કરી રહ્યું હતું. તે જ સાંજે પાકિસ્તાનના પેશાવર શહેરમાં ફ્રન્ટિયર કોન્સ્ટેબ્યુલરી હેડક્વાર્ટર પર હુમલો થયો. આ હેડક્વાર્ટર સૈન્ય કેન્ટ વિસ્તાર નજીક આવેલું છે.

આ આત્મઘાતી હુમલામાં 6 લોકો માર્યા ગયા, જેમાં 3 કમાન્ડો અને 3 હુમલાખોરોનો સમાવેશ થાય છે. ઘણા લોકો ઘાયલ પણ થયા છે. પોલીસના પ્રારંભિક અહેવાલ મુજબ, હુમલાખોર પોતે ચાદર ઓઢીને પહોંચ્યો હતો. તેણે ચોકી પર પહોંચતા જ પોતાને ઉડાવી દીધો. આમાં 3 પોલીસકર્મીઓ માર્યા ગયા.

પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે હાલના મહિનાઓમાં તણાવ ઘણો વધ્યો છે. ઓક્ટોબરમાં બંને દેશોની સેનાઓ વચ્ચે થયેલી અથડામણોમાં ડઝનબંધ લોકો માર્યા ગયા હતા, જે 2021માં તાલિબાનની સત્તામાં વાપસી પછી સૌથી ભયાનક હિંસા હતી.

બંને દેશોએ ઓક્ટોબરમાં દોહામાં યુદ્ધવિરામ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા, પરંતુ ત્યારબાદ તુર્કીયેમાં થયેલી શાંતિ વાટાઘાટો કોઈ લાંબા કરાર પર પહોંચી શક્યા ન હતા. મતભેદો તે ઉગ્રવાદી સંગઠનોને લઈને સામે આવ્યા, જેને પાકિસ્તાન પોતાની વિરુદ્ધ જણાવે છે અને જે અફઘાનિસ્તાનમાં આશ્રય લે છે.

પાકિસ્તાન વારંવાર અફઘાનિસ્તાન પર આરોપ લગાવે છે કે તે પાકિસ્તાન-તાલિબાન (TTP) ને પોતાની ધરતી પરથી પાકિસ્તાનમાં હુમલા કરવાની છૂટ આપી રહ્યું છે. જોકે, કાબુલ વારંવાર આ આરોપોનો ઈનકાર કરતું રહ્યું છે.

મીડિયા રિપોર્ટ મુજબ, અફઘાન સરકાર સીધી રીતે TTP સાથે મળીને કામ નથી કરી રહી, પરંતુ તે તેને રોકવા માટે પણ કોઈ પગલાં ભરી રહી નથી. તાલિબાન સરકારને ડર છે કે જો તે TTP પર સખ્તાઈ કરશે તો તેની અંદર બળવો થઈ શકે છે.

અફઘાન પત્રકાર શબ્બીર અહેમદે જણાવ્યું કે તાલિબાન શાસન TTP ને આતંકવાદી સંગઠન નહીં, પરંતુ વિચારધારાની નજીક અને યુદ્ધકાળના સાથી તરીકે જુએ છે.

અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે ડુરંડ લાઈનને લઈને લાંબા સમયથી વિવાદ છે. બંને દેશો એકબીજા પર હુમલા અને આતંકવાદીઓને છુપાવવાનો આરોપ લગાવતા રહે છે. 2021માં અફઘાનિસ્તાન સરકાર પર તાલિબાનના નિયંત્રણ પછી તણાવ વધુ વધી ગયો છે.

ડુરંડ લાઈન બ્રિટિશ કાળમાં ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે દોરવામાં આવી હતી. આ બંને દેશોની પરંપરાગત જમીનને વિભાજિત કરે છે અને બંને તરફના પઠાણો તેને ક્યારેય સ્વીકારતા નથી.

# સિંગર ઝુબીનનું મર્ડર થયું હતું : આસામ CMએ વિધાનસભામાં કહ્યું, મોત દુર્ઘટના નહોતી....

## એક આરોપીએ જીવ લીધો, બાકીનાઓએ મદદ કરી, અત્યારસુધીમાં 7 અરેસ્ટ

**ગુવાહાટી, તા.25**



આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાએ મંગળવારે વિધાનસભામાં જણાવ્યું હતું કે સિંગર ઝુબીન ગર્ગનું મોત કોઈ દુર્ઘટના નહોતી, પરંતુ હત્યા હતી. બિન ઈરાદાપૂર્વક હત્યા કે ષડયંત્ર નહીં, પરંતુ સ્પષ્ટપણે મર્ડર હતું. CMએ દાવો કર્યો છે કે એક આરોપીએ સિંગરનો જીવ લીધો. ત્યાં જ અન્ય લોકોએ હત્યામાં તેની મદદ કરી. આસામ વિધાનસભામાં વિરોધપક્ષો ઝુબીનના મૃત્યુ પર ચર્ચા કરવા માટે સ્થગન પ્રસ્તાવ લાવ્યા હતા, જેના પર મુખ્યમંત્રી સરમાએ આજે વિધાનસભામાં શિયાળુ સત્રના પહેલા દિવસે જવાબ આપ્યો. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે સ્ટેટ પોલીસની CID હેઠળ રચાયેલી SITએ અત્યારસુધી આ મામલે સાત લોકોની ધરપકડ કરી છે, 252 સાક્ષીની પૂછપરછ કરી છે અને 29 વસ્તુ જપ્ત કરી છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે ધરપકડ કરાયેલા આરોપીઓમાંથી 4થી 5 લોકો પર હત્યાનો કેસ દાખલ કરવામાં આવ્યો છે. નોંધનીય છે કે 52 વર્ષીય સિંગર-મ્યુઝિશિયન ઝુબીનનું 19 સપ્ટેમ્બરે સિંગાપોરમાં દરિયામાં તરતી વખતે શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુ થયું હતું. તેઓ નોર્થ ઈસ્ટ ઈન્ડિયા ફેસ્ટિવલ (NEIF)માં ભાગ લેવા ગયા હતા. તેમના મૃત્યુ વિરુદ્ધ રાજ્યભરમાં 60થી વધુ કેસ નોંધાયા હતા. ઝુબીનના મૃત્યુ કેસમાં પોલીસે NEIF ઈવેન્ટના આયોજક શ્યામકાનુ મહંત, ઝુબીનના પિતરાઈ ભાઈ અને પોલીસ અધિકારી સંદીપન ગર્ગ, મેનેજર સિદ્ધાર્થ શર્મા, તેમના બેન્ડના બે સભ્યો- શેખર જ્યોતિ ગોસ્વામી અને અમૃતપ્રભા મહંતની અત્યારસુધીમાં ધરપકડ કરી છે. ઝુબીનના અંગત સુરક્ષા અધિકારીઓ- નંદેશ્વર બોરા અને પ્રબીન બૈશ્યની પણ ધરપકડ કરવામાં આવી, જ્યારે પોલીસને તેમના ખાતામાંથી 1.1 કરોડ રૂપિયાથી વધુના મોટા નાણાકીય વ્યવહારોની જાણ થઈ. ધરપકડ કરાયેલા તમામ સાત લોકો હાલ ન્યાયિક કસ્ટડીમાં છે.

# બદ્રીનાથમાં માઈનસ 12° ડિગ્રી તાપમાન, નદી-ઝરણાં થીજી ગયા

**દેહરાદૂન, તા.25**

દેશના પહાડી રાજ્યોમાં હિમવર્ષા અને ઠંડા પવનોને કારણે મેદાની રાજ્યોમાં ઠંડી વધવા લાગી છે. રાજસ્થાનમાં સોમવારે કોટા, ઉદયપુર સહિત અનેક જિલ્લાઓમાં દિવસના તાપમાનમાં 2 ડિગ્રી સુધીનો ઘટાડો થયો. 10 શહેરોમાં લઘુત્તમ તાપમાન 10 ડિગ્રીથી ઓછું રહ્યું. ફતેહપુરમાં સૌથી ઓછું, 5.8 ડિગ્રી તાપમાન નોંધાયું. મધ્ય પ્રદેશમાં પણ ઠંડા પવનોએ ઠંડી વધારી દીધી છે. નૌગાંવ, રાજગઢ, નરસિંહપુર અને રીવામાં સોમવારે તાપમાન 8 થી 10 ડિગ્રીની વચ્ચે રહ્યું. ભોપાલ સહિત અનેક જિલ્લાઓમાં સતત ત્રીજા દિવસે વાદળછાયું વાતાવરણ રહ્યું. હવામાન વિભાગે રાજ્યમાં



આગામી ચાર દિવસ સુધી કોલ્ડવેવથી રાહત મળવાની સંભાવના વ્યક્ત કરી છે.

આ તરફ, બિહારમાં ઠંડીની સાથે ગાઢ ધુમ્મસની અસર વધી ગઈ છે. ગયા દિવસે, પટના, ખગડિયા, ગોપાલગંજ, સારણ, બેગુસરાય સહિત 10 શહેરોમાં સવાર-સવારમાં ગાઢ ધુમ્મસ જોવા મળ્યું. ઘણી જગ્યાએ વિઝિબિલિટી 100-200 મીટર સુધી નોંધાઈ. આના કારણે રસ્તાઓ પર દિવસ દરમિયાન પણ વાહનોની લાઈટો ચાલુ રાખવી પડી. ઉત્તરાખંડમાં પારો ગગડવાની સાથે ઠંડા પવનો ફૂંકાઈ રહ્યા છે. બદ્રીનાથમાં સોમવારે તાપમાન માઈનસ 12 ડિગ્રીએ પહોંચી ગયું. અહીં નદીઓ અને ઝરણાં થીજી ગયાં છે. હવામાન વિભાગે આગામી કેટલાક દિવસોમાં પહાડી વિસ્તારોમાં હિમવર્ષાની આશંકા વ્યક્ત કરી છે.

# બેંગલુરુમાં 'નકલી વૈદ્ય'ની એન્જિનિયર સાથે ₹48 લાખની છેતરપિંડી

## યૌન સંબંધિત સમસ્યા દૂર કરવા 20 લાખની જડીબુટ્ટી, 17 લાખનું તેલ ખરીદ્યું હતું, અંતે કિડની ડેમેજ થતાં ફરિયાદ નોંધાવી

**બેંગલુરુ, તા.25**

કર્ણાટકના બેંગલુરુમાં 29 વર્ષના એક સોફ્ટવેર એન્જિનિયર સાથે આયુર્વેદિક દવાઓના નામે 48 લાખ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી. પીડિતે 22 નવેમ્બરે જ્ઞાનભારતી પોલીસ સ્ટેશનમાં FIR નોંધાવી, ત્યારબાદ આ મામલો સામે આવ્યો છે.

પીડિતે પોતાની ફરિયાદમાં જણાવ્યું કે તેને યૌન સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યા હતી. તેની સારવાર માટે તે રોડ સાઈડ આવેલા એક આયુર્વેદિક ટેન્ટમાં ગયો હતો. ત્યાં તેને 'વિજય ગુરુજી' નામનો એક નકલી વૈદ્ય મળ્યો. તેના કહેવા પર એન્જિનિયરે 20 લાખમાં 18 ગ્રામ જડીબુટ્ટી, 17 લાખમાં તેલ સહિત અનેક પ્રોડક્ટ્સ ખરીદ્યા હતા. જોકે, બધી દવાઓ લીધા પછી પણ તેને કોઈ સુધારો થયો નહીં. પીડિતે જ્યારે આ વાત વિજયને જણાવી, ત્યારે તેણે બીજી દવાઓ લેવાની સલાહ આપી. ત્યારબાદ પીડિતે મેડિકલ તપાસ કરાવી, તો તેની કિડનીમાં સમસ્યાઓ સામે આવી. સોફ્ટવેર એન્જિનિયર શિવમોગ્ગા જિલ્લાનો મૂળ નિવાસી છે અને છેલ્લા ત્રણ વર્ષથી એક ખાનગી કંપનીમાં કામ કરે છે. તેણે પોલીસને જણાવ્યું કે તેના લગ્ન માર્ચ 2023માં થયા હતા. લગ્ન પછીના કેટલાક મહિનામાં તેને જાતીય સમસ્યાઓ થવા લાગી. કેંગેરીની એક મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલમાં તે પોતાની સારવાર કરાવી રહ્યો હતો. આ વર્ષે 3 મેના રોજ હોસ્પિટલ




જતી વખતે તેણે ઉલ્લાલમાં એક લો કોલેજ પાસે રોડ કિનારે એક આયુર્વેદિક ટેન્ટ લગાવેલો જોયો. તે અંદર ગયો, જ્યાં તેને એક માણસ મળ્યો. પીડિતે તેને પોતાની સમસ્યા જણાવી. તે માણસે તેની મુલાકાત 'વિજય ગુરુજી' નામના ડોક્ટર સાથે કરાવી, જે ખરેખર એક ઢોંગી વૈદ્ય હતો. વિજયે તેની સમસ્યા દૂર કરવાનો દાવો કર્યો. પીડિતની તપાસ કર્યા પછી વિજયે તેને જણાવ્યું કે 'દેવરાજ બુટ્ટી' નામની એક દુર્લભ ઔષધિ તેની સમસ્યાનો ઈલાજ કરી દેશે. વિજયે એન્જિનિયરને યશવંતપુર સ્થિત વિજયલક્ષ્મી આયુર્વેદિક ઔષધિ ભંડારમાંથી આ ઔષધિ ખરીદવા કહ્યું. તેણે દાવો કર્યો કે આ ઔષધિ ઉત્તરાખંડના હરિદ્વારથી આવે છે અને ફક્ત તે જ દુકાન પર મળે છે. તેણે જણાવ્યું કે એક ગ્રામ 'દેવરાજ બુટ્ટી'ની કિંમત 1.6 લાખ રૂપિયા હશે. આરોપીએ એન્જિનિયરને એ પણ કહ્યું કે તે દવા ફક્ત રોકડ આપીને જ ખરીદી શકે છે. તેણે પીડિતને એકલા જવાની સલાહ પણ આપી અને કહ્યું કે જો કોઈ તેની સાથે જશે, તો દવાની અસર નહીં થાય. પીડિત પોતાના ઘરેથી પૈસા લઈને આયુર્વેદિક દુકાન પર ગયો, બુટ્ટી ખરીદી અને વિજય પાસે પાછો આવી ગયો. આ પછી પીડિતે બેંકમાંથી 20 લાખની લોન લીધી અને વિજયના કહેવા પર કુલ 18 ગ્રામ 'દેવરાજ બુટ્ટી' ખરીદી. વિજયે તેને એક તેલ પણ આપ્યું, જેની કિંમત 76,000 રૂપિયા પ્રતિ ગ્રામ હતી. એન્જિનિયરે વિજયના કહેવા પર 15 ગ્રામ તેલ ખરીદ્યું.

એન્જિનિયરે જણાવ્યું કે તેણે દર અઠવાડિયે પોતાની પત્ની અને માતા-પિતા પાસેથી પૈસા ઉધાર લીધા અને તેલ સહિત અન્ય ઉત્પાદનો માટે 17 લાખ રૂપિયા ચૂકવ્યા. તેણે 2.6 લાખ રૂપિયા પ્રતિ ગ્રામ કિંમતે ચાર ગ્રામ 'દેવરાજ રસબુટ્ટી' નામની એક બીજી દવા ખરીદી, જેના માટે તેણે એક મિત્ર પાસેથી 10 લાખ ઉધાર લીધા.

# કેનેડામાં PM મોદીને 'મારી નાખો'ની નારેબાજી : ખાલિસ્તાન સમર્થકોએ તિરંગાનું અપમાન કર્યું, પંજાબને ભારતથી અલગ કરવા પર મતદાન થયું

**ઓટાવા, તા.25**

કેનેડાના ઓટાવામાં રવિવારે ખાલિસ્તાની જનમત સંગ્રહ દરમિયાન ભારતીય ધ્વજ 'તિરંગા'ને નીચે પાડીને અપમાનિત કરવામાં આવ્યો. ભારતીય પીએમ અને અધિકારીઓને મારી નાખવાના નારા લગાવવામાં આવ્યા.

કડકડતી ઠંડી હોવા છતાં હજારો કેનેડિયન શીખોએ આ રેલીમાં ભાગ લીધો. લોકો સવારથી સાંજ સુધી પીળા રંગના ખાલિસ્તાન ઝંડા હાથમાં લઈને લગભગ બે કિલોમીટર લાંબી કતારમાં ઊભા રહ્યા. આ લોકો એક અનૌપચારિક અને ગેરકાયદેસર મતદાનમાં ભાગ લઈ રહ્યા હતા, જેને 'ખાલિસ્તાન રેફરન્ડમ' કહેવામાં આવી રહ્યું છે. આ મતદાનમાં એક પ્રશ્ન પૂછવામાં આવી રહ્યો હતો કે 'શું પંજાબને ભારતથી અલગ કરીને એક નવો સ્વતંત્ર દેશ ખાલિસ્તાન બનાવવો જોઈએ?'

આનું આયોજન આતંકવાદી સંગઠન શીખ્સ ફોર જસ્ટિસ (SFJ) દ્વારા કરવામાં આવ્યું હતું. આયોજકોનો દાવો છે કે ઓન્ટેરિયો, આલ્બર્ટા, બ્રિટિશ કોલંબિયા અને ક્યુબેક પ્રાંતોમાંથી 53,000 થી વધુ શીખો મત આપવા આવ્યા હતા. લોકો નાના બાળકો, નવજાત શિશુઓ, સગર્ભા સ્ત્રીઓ અને વૃદ્ધો સાથે આવ્યા હતા. વોટિંગ સ્થળ મેકનેબ કોમ્યુનિટી સેન્ટરની બહાર ખાલિસ્તાન સમર્થકોએ



ભારતના વડાપ્રધાન, ગૃહમંત્રી અને અન્ય નેતાઓ વિરુદ્ધ "મારી નાખો-મારી નાખો" જેવા સૂત્રોચ્ચાર કર્યા. લોકોને ભારત વિરુદ્ધ ઉશ્કેરવામાં આવ્યા.

આ જ દિવસે કેનેડાના પીએમ માર્ક કાર્ની દક્ષિણ આફ્રિકામાં G-20 સમિટમાં હતા અને ત્યાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે તેમની મુલાકાત પણ થઈ.

SFJ એ વાત પર સવાલ ઉઠાવ્યો કે જ્યારે કેનેડામાં ભારત વિરોધી અને અલગતાવાદી પ્રવૃત્તિઓ થઈ રહી છે, તે દિવસે કેનેડિયન વડાપ્રધાન મોદીને શા માટે મળ્યા.

ભારત સરકારે આ આયોજનને ગેરકાયદેસર ગણાવ્યું, આ ભારતની સાર્વભૌમત્વ પર હુમલો છે અને કેનેડાની ધરતીનો ઉપયોગ ભારતને તોડવા માટે કરવામાં આવી રહ્યો છે.

આ દરમિયાન ભારત અને કેનેડાએ ટ્રેડ ડીલ માટે ફરીથી વાતચીત શરૂ કરવાની જાહેરાત કરી છે. બે વર્ષના તણાવ પછી હવે બંને દેશ વેપાર કરાર પર વાતચીત કરવા માટે તૈયાર થયા છે.

આ નિર્ણય જોહાનિસબર્ગમાં G20 સમિટ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીની દ્વિપક્ષીય મુલાકાતમાં લેવામાં આવ્યો છે.

જાહેરાત પછી વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે સોમવારે જણાવ્યું કે 2030 સુધીમાં બંને દેશો વચ્ચેનો વેપાર 50 બિલિયન ડોલર (4.45 લાખ કરોડ) સુધી લઈ જવાનું લક્ષ્ય છે.

ક્રિટિકલ મિનરલ્સ, ક્રિટિકલ મિનરલ્સ પ્રોસેસિંગ ટેકનોલોજી અને ન્યુક્લિયર એનર્જી પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. કેનેડા યુરેનિયમ સપ્લાય પર પહેલાથી જ સહયોગ કરી રહ્યું છે.

જ્યારે કેનેડાના વડાપ્રધાન કાર્નીએ X પર લખ્યું કે અમે એક એવો કરાર શરૂ કર્યો છે જે અમારા વેપારને 70 બિલિયન કેનેડિયન ડોલરથી વધુ સુધી લઈ જઈ શકે છે.

### યુપી-બિહારના 77 હજાર ડિલિવરી કેસો પર અમેરિકન રિપોર્ટ

# પ્રાઈવેટ હોસ્પિટલો નવજાત શિશુઓ માટે જોખમી, 1000 માંથી 51ના મોત, માતા-બાળકના સ્વાસ્થ્ય કરતા કમાણીનો લોભ વધુ

**નવી દિલ્હી, તા.25**

અમેરિકાના રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ફોર કમ્પેશનેટ ઈકોનોમિક્સ (RICI)ના રિસર્ચર નાથન ફ્રાન્ઝનો નવો અભ્યાસ સામે આવ્યો છે. જેમાં ખુલાસો થયો છે કે ભારતના ઉત્તર પ્રદેશ અને બિહારના ગ્રામીણ વિસ્તારોમાં પ્રાઈવેટ હોસ્પિટલોમાં જન્મ લેતા નવજાત બાળકોના મૃત્યુનું જોખમ સરકારી હોસ્પિટલોની સરખામણીમાં 60% વધુ છે. નેશનલ ફેમિલી હેલ્થ સર્વે-4 અને નેશનલ ફેમિલી હેલ્થ સર્વે-5ના 77 હજાર ડિલિવરી કેસનું વિશ્લેષણ કરવામાં આવ્યું. જેમાં સામે આવ્યું કે પ્રાઈવેટ હોસ્પિટલોમાં નવજાત મૃત્યુ દર પ્રતિ 1000માંથી 51 છે, જ્યારે સરકારી હોસ્પિટલોમાં આ આંકડો પ્રતિ 1000એ માત્ર 32નો છે. પ્રાઈવેટ હોસ્પિટલ પસંદ કરતી માતાઓ વધુ સમૃદ્ધ, શિક્ષિત અને સારા પોષણવાળી હોય છે. તેમ છતાં તેમના બાળકોનું જોખમ વધુ છે. તેનું મુખ્ય કારણ એ છે કે પ્રાઈવેટ હોસ્પિટલો વધુ કમાણીના લોભમાં બિનજરૂરી મેડિકલ ઈન્ટરફિયરન્સ કરે છે.

કોઈ જિલ્લાની સરહદની બંને બાજુએ આવેલા ગામો, જે સામાજિક-આર્થિક રીતે સમાન છે, પરંતુ વહીવટી અંતરને કારણે અલગ-અલગ હોસ્પિટલો પર નિર્ભર છે, ત્યાં નવજાત શિશુના મૃત્યુદરમાં મોટો તફાવત છે.

જ્યાં પ્રાઈવેટ હોસ્પિટલો સુધી પહોંચ સરળ હોય છે, ત્યાં ડિલિવરીનો ઝુકાવ 8% વધુ પ્રાઈવેટ કેન્દ્રો તરફ થઈ જાય છે.

# 205 દિવસ પછી બદ્રીનાથના કપાટ બંધ : 12 ક્વિન્ટલ ફૂલોથી સજાવાયું મંદિર

**ચમોલી, તા.25**

ઉત્તરાખંડના ચમોલીમાં આવેલા બદ્રીનાથ ધામના કપાટ આજે 205 દિવસ પછી શિયાળા માટે બપોરે 2 વાગ્યેને 56 મિનિટે બંધ કરવામાં આવ્યા છે. આ સાથે જ ચાર ધામ યાત્રાનું પણ સમાપન થયું. આ ખાસ અવસર પર મંદિરને 12 ક્વિન્ટલ ગલગોટાના ફૂલોથી શણગારવામાં આવ્યું હતું. ગઈ રાતથી જ શ્રદ્ધાળુઓનું અહીં પહોંચવાનું શરૂ થઈ ગયું હતું, અત્યાર સુધીમાં લગભગ 8 હજાર ભક્તો પહોંચી ચૂક્યા છે.

શુક્રવારથી ચાલી રહેલી પંચપૂજાની અંતિમ પ્રક્રિયા પણ આજે સંપન્ન થઈ, જેમાં લક્ષ્મીની સહેલીનું રૂપ ધારણ કરીને રાવલ લક્ષ્મી માતાની મૂર્તિને મંદિરની અંદર બનેલા ગર્ભગૃહમાં નારાયણ ભગવાન સાથે સ્થાપિત કરશે.

દેશનું છેલ્લુ ગામ માણામાં તૈયાર કરવામાં આવેલો પવિત્ર ઘૃત કંબલ (ધાબળો) આ પ્રક્રિયાનો સૌથી મહત્વપૂર્ણ ભાગ છે. આ જ કંબલને ભગવાન બદ્રીવિશાલને ઓઢાડતા જ કપાટ બંધ કરી દેવામાં આવશે. આ કંબલ સદીઓ જૂની પરંપરા છે અને તેને ચીનથી માત્ર 25 કિલોમીટર દૂર આવેલા માણાની કન્યાઓ તૈયાર કરે છે.

બદ્રી-કેદાર મંદિર સમિતિ (બીકેટીસી) અનુસાર, આ વર્ષે 16 લાખ 50 હજારથી વધુ શ્રદ્ધાળુઓ બદ્રીનાથના દર્શન કરવા પહોંચ્યા છે. કપાટ બંધ થયા પછી હવે 6 મહિનાની શિયાળુ પૂજા જોશીમઠ નરસિંહ મંદિરમાં થશે. શંકરાચાર્યની ગાદી જોશીમઠમાં 27 નવેમ્બરે પહોંચશે.

26 નવેમ્બરે શંકરાચાર્યની ગાદી સાથે ઉદ્ધવજી અને કુબેરજીની ડોલી લગભગ 30 કિલોમીટર દૂર પાંડુકેશ્વર પહોંચશે, જ્યાં યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે. ઉદ્ધવજી અને કુબેરજીની ડોલી શિયાળા માટે અહીં જ રહેશે, જ્યારે રાત્રિ રોકાણ પછી બીજા દિવસે સવારે એટલે કે 27 નવેમ્બરે શંકરાચાર્યની ગાદી લગભગ 30 કિલોમીટર આગળ જોશીમઠના નરસિંહ મંદિરમાં પહોંચશે, શિયાળામાં ભગવાન બદ્રી વિશાળની પૂજા આ પવિત્ર મંદિરમાં થશે.

હાલમાં દિલ્હીના લાલ કિલ્લા પાસે થયેલા વિસ્ફોટને ધ્યાનમાં રાખીને ઉત્તરાખંડ સરકારે તમામ જિલ્લાઓમાં હાઈ એલર્ટ જાહેર કર્યું છે. ભક્તોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ધામમાં ભારતીય સેનાની સાથે આસામ રાઈફલ્સ, બોમ્બ સ્ક્વોડ, મેટલ ડિટેક્ટર ટીમ અને વધારાનો પોલીસ દળ તહેનાત કરવામાં આવ્યો છે.

ચમોલીના એસપી સુરજીત સિંહ પંવારના જણાવ્યા અનુસાર, બદ્રીનાથ આવતા-જતા વાહનોનું સઘન ચેકિંગ થઈ રહ્યું છે. આસપાસના જિલ્લાઓ - દેહરાદૂન, હરિદ્વાર, ઉધમસિંહનગર, નૈનીતાલમાં 24 કલાકનું ચેકિંગ અભિયાન ચાલી રહ્યું છે. ધામમાં કોઈપણ શંકાસ્પદ હિલચાલ પર નજર રાખવા માટે 7 સભ્યોની વિશેષ ટીમ તહેનાત કરવામાં આવી છે.



ધામમાં પંચપૂજાની શરૂઆત શુક્રવાર, 21 નવેમ્બરની સવારે વિધિ-વિધાન સાથે થઈ. પરંપરા અનુસાર ગણેશ મંદિરના કપાટ સૌથી પહેલા બંધ કરવામાં આવે છે. રાવલ અમરનાથ નંબૂદરી અને ધર્માધિકારી રાધા કૃષ્ણ થપલિયાલની હાજરીમાં ભગવાન ગણેશને તેમના સ્થળેથી ગર્ભગૃહમાં લાવવામાં આવ્યા.

દિવસભર ભગવાન નારાયણ સાથે ગણેશની પૂજા થઈ અને પછી સાંજે પાંચ વાગ્યે ગણેશ મંદિરના કપાટ બંધ કરી દેવામાં આવ્યા.

બીજા દિવસે કપાટ બંધ થવાની પ્રક્રિયા હેઠળ શ્રી બદ્રીનાથ ધામમાં આદિ કેદારેશ્વર મંદિર અને આદિ ગુરુ શંકરાચાર્ય મંદિરના કપાટ વૈદિક મંત્રોચ્ચાર સાથે બંધ કરી દેવામાં આવ્યા. રાવલ અમરનાથ નંબૂદરીએ પરંપરા અનુસાર આદિ કેદારેશ્વર મંદિરમાં અન્નકૂટનો ભોગ ધરાવ્યો અને શિવલિંગને ભાતથી ઢાંકવામાં આવ્યું.

મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આ પરંપરાના સાક્ષી બન્યા. પૂજા-અર્ચના પછી બે વાગ્યે આદિ કેદારેશ્વર મંદિરના કપાટ અને ત્યારબાદ આદિ ગુરુ શંકરાચાર્ય મંદિરના કપાટ પણ શિયાળા માટે બંધ કરી દેવામાં આવ્યા.

પંચપૂજાના ત્રીજા દિવસે વેદ ઋચાઓનું વાચન શિયાળા માટે રોકી દેવામાં આવ્યું. રવિવારે ખડ્ગ પુસ્તક પૂજન સાથે આ વિશેષ અનુષ્ઠાન પૂર્ણ થયું. રાવલ અમરનાથ નંબૂદરી, વેદપાઠી અને પૂજારીઓએ વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે પૂજા સંપન્ન કરી. પરંપરા અનુસાર હવે વાચન આવતા વર્ષે કપાટ ખુલવા સુધી નહીં થાય.

ચોથા દિવસે માતા લક્ષ્મીને કડાઈનો પ્રસાદ ચઢાવી તેમને ગર્ભગૃહમાં આવવાનું આમંત્રણ આપવામાં આવ્યું. આ ક્ષણ ખૂબ જ ભાવુક હતી, જેના સાક્ષી હજારો યાત્રીઓ બન્યા. ત્યારબાદ મંદિરને 12 ક્વિન્ટલ ફૂલોથી શણગારવામાં આવ્યું. આ જ દિવસે કપાટ બંધ કરવાની અંતિમ તૈયારીઓને ફાઈનલ કરવામાં આવી.

રાવલ માતા લક્ષ્મીને ગર્ભગૃહમાં સ્થાપિત કરશે. આ માટે રાવલ સ્ત્રી-વેશ ધારણ કરે છે અને મા લક્ષ્મીની સહેલીના રૂપમાં ગર્ભગૃહમાં પ્રવેશ કરે છે. ત્યારબાદ ભગવાન બદ્રીવિશાલને ઘૃત ધાબળો ઓઢાડવામાં આવશે અને કપાટ શિયાળા માટે બંધ કરી દેવામાં આવશે.

બદ્રીનાથની શિયાળુ પરંપરામાં ઘૃત ધાબળાની વિશેષ ભૂમિકા હોય છે. આ ધાબળો દેશના પ્રથમ ગામ માણાની કન્યાઓ ઉપવાસ રાખીને વિશેષ શુભ મુહૂર્તમાં તૈયાર કરે છે. કપાટ બંધ થવાના દિવસે આ જ ધાબળા પર ઘીનો લેપ લગાવીને ભગવાન બદ્રીવિશાલને ઓઢાડવામાં આવે છે. પરંપરા છે કે ધાબળો ઓઢાડતા જ કપાટ બંધ થઈ જાય છે.

આવતા વર્ષે કપાટ ખુલવા પર આ જ ધાબળાને યાત્રાળુઓમાં પ્રસાદના રૂપમાં વહેંચવામાં આવે છે. આ પરંપરા સદીઓથી ચાલી રહી છે અને દેવભૂમિની સૌથી પવિત્ર ધાર્મિક માન્યતાઓમાંથી એક છે. જેના હેઠળ માનવામાં આવે છે કે જો કપાટ ફરીથી ખુલવા સુધી આ ઘી સુકાય નહીં અને ધાબળા પર જેમનું તેમ જળવાઈ રહે તો આ શુભ સંકેત છે.

તંત્રી લેખ

# શું નૂર હુસૈન ભારતની 'સીમા હૈદર' સાબિત થશે?

4 નવેમ્બર 2025... ભારતમાંથી શીખો પ્રકાશ પર્વની ઉજવણી કરવા માટે પાકિસ્તાન ગયા. ગ્રુપમાં 1923 યાત્રી હતા. તેઓ અટારી-વાઘા બોર્ડરથી પાકિસ્તાનમાં દાખલ થયા. યાત્રા માત્ર 10 દિવસની હતી. 13 નવેમ્બરના રોજ બધા તીર્થયાત્રીઓએ પાકિસ્તાનથી પાછા ફરવાનું હતું, પરંતુ માત્ર 1922 લોકો જ પાછા ફર્યા. જ્યારે ઈમિગ્રેશન એક્ઝિટ રેકોર્ડ્સ ચેક કરવામાં આવ્યા તો એક યાત્રી ગાયબ મળ્યો અને તે 48 વર્ષના સરબજીત કૌર હતા. તે પંજાબના કપૂરથલા રહેવાસી છે. ગુમ થયાની જાણ થતાં જ ભારતીય તપાસ એજન્સીઓએ સરબજીતના જૂના રેકોર્ડ્સ અને બેકગ્રાઉન્ડની તપાસ શરૂ કરી. એ જાણવું હતું કે તે કયા કારસર લાપતા થઈ. ત્યારે જ પાકિસ્તાનથી ખબર આવી કે સરબજીતે લાહોર નજીક શેખપુરાના રહેવાસી નાસિર હુસૈન સાથે લગ્ન કરી લીધા છે. વીડિયોમાં સરબજીતનું કબૂલાતનામું પણ સામે આવ્યું છે, જેમાં તેણે કહ્યું છે કે તે નાસિરને 9 વર્ષથી જાણે છે. તેણે ઈસ્લામ કબૂલ કરીને તેની સાથે નિકાહ કરી લીધા છે. તેનું નવું નામ નૂર હુસૈન છે. જોકે પાકિસ્તાન પોલીસને શંકા છે કે સરબજીત ક્યાંક જાસૂસ કે ગુપ્ત એજન્ટ તો નથી. આ પહેલાં 2023માં પાકિસ્તાનની સીમા હૈદર પોતાના પ્રેમ માટે ચાર બાળ સાથે ગેરકાયદે રસ્તે ભારત આવી ગઈ હતી. તેણે ધર્મ બદલીને ગ્રેટર નોઈડાના રહેવાસી સચિન મીણા સાથે લગ્ન કર્યા અને ત્યારથી ભારતમાં જ રહે છે. હવે સવાલ એ છે કે શું સરબજીતનું તીર્થયાત્રાના બહાને પાકિસ્તાન જવું એક પ્લાન હતો, તેની નાસિર સાથે ક્યારે અને કેવી રીતે ઓળખાણ થઈ. પાકિસ્તાન સુધી પહોંચવામાં તેને કોણે મદદ કરી. ભાસ્કરે સરબજીતના ગામવાળાઓ સાથે વાત કરી, સાથે જ પાકિસ્તાની જર્નલિસ્ટ, નાસિરના ગામવાળાઓ અને વકીલ સાથે વાત કરીને મામલો સમજ્યો. માતા પાકિસ્તાન ગઈ, હવે બંને દીકરાની પૂછપરછ કરી રહી છે પોલીસ સૌથી પહેલા અમે પંજાબના અમાનીપુર ગામમાં સરબજીતના પરિવાર અને ગામવાળાઓ સાથે સંપર્ક કર્યો. તેના પહેલા પતિ લગભગ બે દાયકા પહેલાં કામકાજના સિલસિલામાં કેનેડા ગયા અને પછી ત્યાં જ વસી ગયા. સરબજીતના બે દીકરા છે અને તે બંનેની સાથે તલાક પછી થોડો સમય મુક્તસર સાહિબમાં રહ્યા. પછી બંને કપૂરથલાના અમાનીપુરમાં પોતાનાં દાદા-દાદી સાથે મોટા થયા. હવે બંનેનાં લગ્ન થઈ ગયાં છે અને બંનેને એક-એક દીકરી પણ છે. અમે સરબજીતના દીકરાઓ સાથે વાત કરવાની કોશિશ કરી, પરંતુ બંને મીડિયા સાથે વાત કરવા માગતા નથી. તેઓ મીડિયામાં પોતાની માતાને લઈને થઈ રહેલી ચર્ચાથી પરેશાન છે. પંજાબ પોલીસમાં અમારા સૂત્રએ જણાવ્યું કે જ્યારે સરબજીતના પાકિસ્તાનમાં લગ્ન કરવાની જાણકારી આવી છે ત્યારે તેના બંને દીકરાની પોલીસે સરબજીતને લઈને પૂછપરછ કરી છે. પોલીસ એ જાણવાની કોશિશ કરી રહી છે કે સરબજીત કેટલાં વર્ષોથી સરહદ પારની વ્યક્તિના સંપર્કમાં હતી. તેણે પાકિસ્તાન જઈને લગ્ન કરવાનો નિર્ણય ક્યારે કર્યો. ત્યાં અમાનીપુર ગામના સરપંચ અર્જન સિંહ જણાવે છે, 'મેં છેલ્લાં 20 વર્ષોમાં ક્યારેય પણ સરબજીતના પતિને જોયા નથી. પહેલાં તેમનાં બંને બાળકોના કેટલાક વિવાદના મામલા સામે આવ્યા હતા, પરંતુ હાલનાં કેટલાંક વર્ષોમાં બધું સારું ચાલી રહ્યું હતું.'

# ઋષભ ની વાતથી રાજેશ્રી શું કામ ચિંતિત થઈ ગઈ! અને રડવા પણ લાગી



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)



આજકાલનાં યુવાનોનું જીવન ધોરણ દિવસે દિવસે ઉંચુ જતું જાય છે, પછી ઘર એટલે ફ્લેટ હોય, ગાડી હોય, રાચરચીલું હોય, કે પછી ફ્રીઝ ટીવી, એસી, વોશીંગ મશીન જેવા અન્ય ઉપકરણો હોય બધાંમાં સૌથી મોંઘુ હોય એ જ પસંદ આવે! જ્યારે કપડાં ઘરેણાં કે અન્ય ફેશન એસેસિરિઝમા પણ ખૂબ જ ખર્ચો કરતાં જોવાં મળે છે. એમાં પણ નવાં નવાં લગ્ન કરીને મેટ્રો સીટીમાં જોબ હોય તો ઘર ભાડું પણ બહુ હોય ત્યારે જો આવક જાવકનો હિસાબ બરોબર રખાયો ન્હોય, તો આખર તારીખમાં છેલ્લે છેલ્લે માંડમાંડ મહીનો પૂરો થાય! ટૂંકમાં આમદની અઠ્ઠની ખર્ચા રુપૈયા! જેવો ખેલ જોવા મળે છે, કોઈને બચત થાય નહીં! અથવા જીંદગી ભર માથે દેવું લઈને જીવે છે. તો આજે આવો જ એક કિસ્સો આજે બુધવારની બોધકથામાં.

ઋષભ અને રાજેશ્રી બંનેએ લવ મેરેજ કરી બેંગલોર આવ્યાં. ઋષભ એક સોફ્ટવેર એન્જિનિયર હતું અને અહીં એને મલ્ટીનેશનલ કંપનીમાં સારા પગારથી જવાબ હતી જ્યારે રાજેશ્રી પણ સારું એવું એજ્યુકેશન ધરાવતી હતી છતાં એને હાલ તો ઘર ગૃહસ્થી સંભાળવાનું નક્કી કર્યું હતું. બંને એક સામાજિક ફંકશનમાં મળ્યાં હતાં રાજેશ્રી ધનવાન કહી શકાય એવા માતા પિતાની દીકરી હતી, જ્યારે ઋષભ એક મિડલ ક્લાસ ફેમિલી માંથી હતો, અને એ પોતાની જાત મહેનતે આ સ્થાને પહોંચ્યો હતો. એને થોડી જવાબદારીઓ પણ હતી.

એમણે બેંગ્લોરમાં નાનકડો ફ્લેટ ભાડે લીધો અને રાજશ્રી પોતાના ઘરને શણગારવા માટે રોજ નાનું મોટું કંઈ કંઈ ખરીદી લાવતી હતી. ઘણી વસ્તુ જરૂરી હતી, તો ઘણી થોડો સમય પછી ખરીદીએ તો પણ ચાલે એવું હતું, છતાં ઋષભે એને ટોકી નહીં, કારણ કે એ એના મનના ભાવને જાણતો હતો. ઉપરાંત એ ધનવાન ફેમિલી માંથી આવતી હતી અને એની ડિક્સનરીમાં કરકસર, હિસાબ, બજેટ જેવો કોઈ શબ્દ હતો નહીં કે પછી આજસુધી સાંભળ્યો પણ નહોતો, ઋષભે તે રાજેશ્રીની ખુશીને છીનવવા માંગતો નહોતો, આમ બંને વચ્ચેનો પ્રેમ ઓછો થતો નહોતો!

ઋષભ રાજેશ્રીની ખરીદીની ગાડીને બ્રેક કંઈ રીતે મારવી એ વિચારતો હતો! કારણકે એને પોતાની નાની બહેન રિદ્ધિને ભણાવવાના રુપિયા પણ દર મહિને મોકલવાના હતાં! ઉપરથી પપ્પા એ ગામની જમીન વેચી પોતાને ભણાવ્યો હતો એટલે એમની પ્રત્યે પણ એની જવાબદારી હતી. ઋષભ પોતે દર મહિને રાજેશ્રીને ઘરખર્ચ પેટે અમુક રુપિયા આપી દેશે! અને પછી કહેશે કે હવે આમાંથી તારે જે ખર્ચ કરવો હોય તે કરવાનો.

એણે રાજેશ્રીને કહ્યું કે હું તને દર મહિને ઘર ખર્ચના 50,000 રુપિયા આપીશ, એમાંથી તારે આંખો મહિનાનો ખર્ચ મેનેજ કરવાનો. આમ તો આપણે બે જ જણાં છીએ, એટલે આટલાં રુપિયા ઈનફ છે! રાજેશ્રી મનોમન ખૂબ ખુશ થઈ. ઋષભ એ કહ્યું કે એક નાનકડી ટેવ રાખજે કે ક્યાં કેટલાં રુપિયા વપરાયાં એનો હિસાબ રાખજે, એટલે આખરમા તને ખબર પડે.

આમ જુવો તો ત્રણ મહિનામાં ફ્રીઝ ટીવી એસી વોશીંગ મશીન, ડાઈનિંગ ટેબલ, જેવા બધાં જ સાધનો ખરીદી લીધાં હતાં! શરુઆતમાં તો બધું બરાબર ચાલ્યું અને દસ તારીખ સુધીમાં તો જરુરી બધો સામાન આવી ગયો, લાઈટ બિલ, ગેસ બિલ, કરિયાણું, ઈસ્ત્રી બિલ, ઘર સફાઈની બાઈના, દૂધનાં વગેરે, હવે તો શાકભાજી અને ફ્રુટ તેમજ બેકરી આઈટમ જ ... રાજેશ્રી થયું કે ઘરમાં એક ઓવન હોય તો કેવું સારું! અને આટલા રુપિયામાં તો આરામથી આવી જશે! ઉપરથી અત્યારે ખરીદી પર કૂકર ફ્રી ની ઓફર પણ ચાલે છે, એટલે એમ પણ ફાયદો..

રાત્રે ઋષભ આવ્યો અને ત્યાં તો ઘરમાંથી પીત્ઝા ની સુગંધ આવતી હતી અને એ વિચારવા લાગ્યો કે ઓવન વગર રાજેશ્રી એ પીત્ઝા કંઈ રીતે બનાવ્યા હશે? એણે નક્કી કર્યું કે કંઈ બોલવું નથી જોવું તો ખરો! રાજેશ્રી ખુશ થતી થતી બોલી ચાલ ઝડપથી ફ્રેશ થઈ જા, તારી માટે એક સરપ્રાઈઝ છે! ઋષભ એ કહ્યું એમ ! અને ટેબલ પર ડિનરમાં પીત્ઝા આવ્યાં અને રાજેશ્રી એ કહ્યું કે જો ઋષભ તને ચિંતા હતી ને કે મને ઘર ચલાવતા નહીં આવડે! પણ મેં ઘર ખર્ચની બચત માંથી ઓવન ખરીદ્યું! ઋષભ એ કહ્યું કે વાહ શું વાત છે! હકીકતમાં હજી તો આ મહિનાના દસ દિવસ બાકી હતા! બીજે અઠવાડિયે ઋષભનાં બે ત્રણ ફ્રેન્ડ ફેમિલી સાથે લોંગ વીક એન્ડ માટે આવવાનાં હતાં. એ બધા જ સાથે રાજેશ્રીને પણ બહુ બનતું હતું, એટલે ઋષભ એ હોંશે હોંશે આ વાત એને જણાવી!. ઋષભ એ કહ્યું કે આપણે એ લોકો આવે એ પહેલાં જ સવાર સાંજનું જમવાનું અને નાસ્તાનું મેનુ નક્કી કરી જરૂરી સામાન લઈ આવીશું, એટલે એવે સમયે મીસ મેનેજમેન્ટ થાય નહીં! છ એ લોકો, અને પોતે બે એમ આંઠ જણાં થશે, અને ત્રણ દિવસ રોકાવાના હતાં, એટલે બંન્નેએ એક ટંક ફૂલ ગુજરાતી થાળી એમાં બે મિષ્ટાન્ન અને બે ફરસાણ! એક દિવસ પંજાબી થાળી એક દિવસ સાઉથ ઈન્ડિયન! સાંજે એકદિવસ બહાર જમવાનું નક્કી કર્યું! તો એક દિવસ દહી વડાં, પાણીપુરી ચાટ આઈટમ ! અને નાસ્તામાં પૌંઆ, ઉપમા, સેન્ડવીચ! બધા કામ પરવારી ને નવરી પડતાં જ રાજેશ્રી એ મનોમન વિચાર્યું કે જે પ્રમાણે મેનુ નક્કી થયું છે એ મુજબ એક ટંકના બે હજાર તો થશે જ ઉપરથી બાઈ પણ વધારે લોકોનાં એક્સ્ટ્રા રુપિયા માગશે! અને બે દિવસ પહેલાં એની પાસે હજી પંદર હજાર હતાં પણ ઓવન ખરીદવા ગઈ, એટલે ડિનર સેટ અને સેન્ડવીચ મેકર લઈ લીધું , ઉપરથી એક ડ્રેસ લીધો.ઘર ખર્ચ ઉપરાંત પોતાનાં પણ ખર્ચ કરી નાખ્યાં છે. ઋષભે કહ્યું કે મોલમાં જવાનો મને સમય નહીં મળે, માટે રાજેશ્રી તું જ બધી ખરીદી કરી લેજે! કેમ કહેવું કેમ કહેવું કે રુપિયા તો છે જ નહીં! એણે વિચાર્યું કે પપ્પા પાસેથી લઈ લઉં! પણ એમાં તો ઋષભ ની આબરુ શું રહે?; અંતે એણે કહી જ દીધું કે ઘર ખર્ચના રુપિયા વપરાય ગયા છે! ઋષભ જાણતો હતો છતાં કહ્યું એમ ! આટલાં બધાં ક્યાં વપરાય ગયા? રાજેશ્રી તે બજેટ નહોતું બનાવ્યું! આ તો ઠીક છે બાકી મેડિકલ ઈમરજન્સી પણ આવી શકે! તો શું થાય? તું એકલી ક્યાંય ગઈ હોય અને કાંઈ ઊંચનીચ થાય તો રુપિયા હાથ પર ન્હોય તો તું શું કરે? ઋષભ પાસે રુપિયા તો હતાં છતાં રાજેશ્રી ને સમજાવવા નો આ જ મોકો હતો, એટલે એણે કહ્યું કે, ઘર ખર્ચમાંથી પહેલાં એક વર્ષ બચત પર ભાર મુકવો જોઈએ! બે વસ્તુ મોડી ખરીદીએ તો ચાલે, બચત હોય તો આવી કોઈ ઈમરજન્સી આવે તો આપણે પહોંચી શકીએ! મેં આવતે મહિને તારાં બર્થ ડે પર ટૂર પ્લાન કરીને ટિકિટ બુક કરી છે, એટલે એમાં એડવાન્સ આપ્યું અને બાકીના રિદ્ધિની ફીનાં પપ્પાને મોકલ્યા! હવે એમ કરું એ લોકોને કહી દઉં કે આ વખતે રાજેશ્રીનાં પિયરથી એના ભાઈ ભાભી આવવાનાં છે... રાજેશ્રીને પોતાની ભૂલ સમજાઈ ગઈ અને એની આંખ માંથી ટપટપ આંસુ પડવા લાગ્યા, અને ઋષભને કહ્યું તારી વાત સાચી છે! ઋષભે એનાં આંસુ લૂછતાં , મસ્તી કરતાં કહ્યું કે આંસુ પણ બજેટ બનાવીને વાપરજે! સમય થી માંડીને બધું જ.. અને બંને જણાં હસી પડ્યા. મિત્રો આ છે આજના સમયની ઘણી મોટી કહી શકાય એવી સમસ્યા! કે જેમાં આજની પેઢીને રુપિયા વાપરવાનું જાણે ઘેલું લાગ્યું હોય એમ ખર્ચ કરે છે, અને પછી લોનના હપ્તા ભરી ભરીને સ્ટ્રેસ ભરી જીંદગી જીવે છે! અને અંદરોઅંદર સતત લડાઈ ઝઘડા કરે છે.

# સુરેન્દ્રનગર-ચમારજ સેક્શનમાં બ્લૉકને કારણે રેલવે વ્યવહારને અસર

**માહિતી માટે www.enquiry.indianrail.gov.in પર અવલોકન કરે, જેથી કોઇ પણ પ્રકારની અસુવિધા ન થાય**




રાજકોટ, તા. 25

રાજકોટ ડિવિઝનના સુરેન્દ્રનગર-ચમારજ સેક્શનમાં નવો રોડ ઓવર બ્રિજ (ROB-48) બનાવવા માટે બ્લૉક લેવામાં આવશે. આ બ્લૉકને કારણે ૨૯ નવેમ્બરથી લઈને ૦૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી રેલવે વ્યવહારને અસર થશે. પ્રભાવિત થનારી ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:

તારીખ ૨૯ નવેમ્બર, ૨૦૨૦૫ ના રોજ પ્રભાવિત થનારી ટ્રેનો:

* ટ્રેન નં ૧૧૪૬૬ જબલપુર-વેરાવળ એક્સપ્રેસ માર્ગમાં ૦૨.૦૦ કલાક રેગ્યુલેટ કરવામાં આવશે.

* ટ્રેન નં ૧૬૩૩૭ ઓખા-એર્ણાકુલમ એક્સપ્રેસ માર્ગમાં ૩૦ મિનિટ રેગ્યુલેટ કરવામાં આવશે.

* ટ્રેન નં ૧૯૧૨૦ વેરાવળ-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ માર્ગમાં ૩૦ મિનિટ રેગ્યુલેટ કરવામાં આવશે.

તારીખ ૩૦ નવેમ્બર, ૨૦૨૦૫ ના રોજ પ્રભાવિત થનારી ટ્રેનો:

* ટ્રેન નં ૧૯૧૨૦ વેરાવળ-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ વેરાવળથી તેના નિર્ધારિત સમય ૦૭:૩૦ વાગ્યાને બદલે ૨ કલાક વિલંબથી એટલે કે ૦૯:૩૦ વાગ્યે ઉપડશે.

* ટ્રેન નં ૧૯૧૧૯ ગાંધીનગર કેપિટલ-વેરાવળ એક્સપ્રેસ ગાંધીનગર કેપિટલથી તેના નિર્ધારિત સમય ૧૦:૨૫ વાગ્યાને બદલે ૨ કલાક વિલંબથી એટલે કે ૧૨:૨૫ વાગ્યે ઉપડશે.

તારીખ ૦૧ ડિસેમ્બર, ૨૦૨૦૫ ના રોજ પ્રભાવિત થનારી ટ્રેનો:

* ટ્રેન નં ૧૧૪૬૪ જબલપુર-વેરાવળ એક્સપ્રેસ માર્ગમાં ૦૩.૦૦ કલાક રેગ્યુલેટ કરવામાં આવશે.

* ટ્રેન નં ૧૯૧૧૯ ગાંધીનગર કેપિટલ-વેરાવળ એક્સપ્રેસ ગાંધીનગર કેપિટલથી તેના નિર્ધારિત સમય ૧૦:૨૫ વાગ્યાને બદલે ૧ કલાક વિલંબથી એટલે કે ૧૧:૨૫ વાગ્યે ઉપડશે.

* ટ્રેન નં ૧૬૩૩૭ ઓખા-એર્ણાકુલમ એક્સપ્રેસ માર્ગમાં ૫૫ મિનિટ રેગ્યુલેટ કરવામાં આવશે.

* ટ્રેન નં ૧૯૧૨૦ વેરાવળ-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ માર્ગમાં ૪૫ મિનિટ રેગ્યુલેટ કરવામાં આવશે. રેલવે તંત્ર મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને પોતાની યાત્રા શરૂ કરે અને ટ્રેનોના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સની માહિતી માટે www.enquiry.indianrail.gov.in પર અવલોકન કરે, જેથી કોઈ પણ પ્રકારની અસુવિધા ન થાય.

# "જે નિરાશાને ક્યારેય જોતાં નથી તે આશા પણ ક્યારેય ખોતા નથી, અને જે પ્રયત્ન પર જીવી જાણે છે તે કિસ્મત પર ક્યારેય રોતા નથી."



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ભગવદ્ ગીતા જ્ઞાનમાં આગળ આજે આપણે જોઈએ તો વામન ભગવાન બોલ્યા,હે રાજા, તમે ઉદાર છો પણ મારે માગવામાં વિવેક રાખવો જોઈએ!માત્ર મારે માટે ત્રણ પગલાં પૃથ્વી જ જોઈએ! વધારેનો મને લોભ નથી લોભ કરવો બ્રાહ્મણને શોભે નહીં બ્રાહ્મણ લોભ કરેને સંગ્રહ કરે તો પાપનો ભાગીદાર થાય,ભાગવત માં મારી આવકનો પાંચમો ભાગ દાન કરવાનું કહ્યું છે.પછી પરિસ્થિતિ બદલાતાં મનુ મહારાજે થોડી છૂટ આપી.આવક નો દસમો ભાગ દાનમાં આપવા કહ્યું છે. ઘરમાં આવેલું ધન સઘળું શુદ્ધ હોતું નથી.તેથી દાન કરવું જોઈએ.દાનથી ધનની શુદ્ધિ થાય છે.ભિખારી ભીખ માગવાઆવતો નથી,પણ તે ઉપદેશ આપવાઆવે છે કે,જો ભાઈ,ગયા જન્મમાં મેં કોઈને દાન આપ્યું નહીં એટલે મારી આ દશા થઈ છે.તમે પણ નહીં આપો તો તમારી પણ મારા જેવી દશા થશે!માટે ચેતી જાઓ!

માણસને ઘરની મમતા એટલી બધી છેકે,ઘરને ઓટલે બેઠેલાને પણ કેટલાક તો ઊઠાડી મૂકે છેકે, ઊઠો અહીંથી!ઓટલો મારો છે! મૂર્ખા કહે છે કે,ઓટલો મારો છે. જાણે ઓટલો પણ મરતી વેળા સાથે લઈ જવો હશે!મનુષ્ય આ સંસારમાં મારું-તારું મૂકી દે તો આ જગતમાં મિલકત માટે મારા મારી થાય નહીં.વામનજી કહેછેકે મને આજે એક ગૃહસ્થે ઓટલા પરથી ઊઠાડી મૂક્યો એટલે મને થયું કે, મારી પાસે થોડી જગ્યા હોય તો સારું એટલે માગવા આવ્યો છું.સંધ્યા ગાયત્રી કરવા માટે મારે જમીન જોઈએ છે.તે માટે મારા ત્રણ પગલાંથી મપાય તેટલી પૃથ્વીનું તમે દાન કરો!

બલિરાજાને આનંદ થયો. આવો પવિત્ર બ્રાહ્મણ મારી જમીન ઉપર બેસીને સંધ્યા કરશે તો મારું કલ્યાણ થશે.કેવો ત્યાગી બ્રાહ્મણ છે!હું તો મારું સર્વસ્વ આપવા તૈયાર થયો છું પણ લેતા નથી. તેણે કહ્યું,આજે તો હું તમારા કહેવા પ્રમાણે ત્રણ પગલા પૃથ્વી નું દાન કરીશ,પણ ભવિષ્યમાં આપને કોઈ વસ્તુની જરૂર પડે તો સીધા મારી પાસે જ આવજો. મને સેવાનો લાભ આપજો. બલિરાજા દાનનો સંકલ્પ કરવા તૈયાર થયા.યજ્ઞ મંડપમાં શુક્રાચાર્ય બેઠેલા હતા.એ વામનના શબ્દો પરથી તેમને વહેમ પડયો હતો, તેથી તેમણે કહ્યું,રાજા,દાન આપજો,પણ વિવેકથી આપજો. આ બાળકનાં પગલાં કેવાં છે તે તું જાણતો નથી,હું જાણું છું. આ સાંભળી બલિ વિચારમાં પડીગયા તે પૂછે છે,ત્યારે દાન ન આપું? શુક્રાચાર્ય કહે છે,દાનની હું ના કેમ કહી શકું,પણ તારા પગથીમાપીને પૃથ્વી આપજે!મને આ વાત તું જેટલી સરળ સમજે છે તેટલી સરળ નથી લાગતી. દેવોનું કામ કરવા વિષ્ણુવામન બનીને આવ્યા છે એવું મને લાગે છે.ત્યારે બલિ રાજા કહે છેકે,હું તો દાનનો સંકલ્પ કરી ચૂક્યો છે.એટલે હવે વામનને જે માગવું હોય તે માગે, ને ત્રણ પગમાં જે લેવું હોય તે લે. શુક્રાચાર્ય સમજાવે છે કે,એવું દાન ન કરવું જેથી તું દરિદ્ર બની જાય,ને તારાં બૈરી-છોકરાં રખડી પડે!શુક્રાચાર્યની સલાહબલિરાજા એ તો ન સ્વીકારી,પણ આપણા કળિયુગના ધન માલિકોએ સ્વીકારી લીધી લાગે છે.કળિયુગ ના છોકરા માતા પિતાની સેવા કરતા નથી,પૈસાની સેવા કરે છે. તમારી પાસે પૈસા હશે તો સગાં ઓ પણ સેવા કરશે.માટે આજની વ્યવહાર સલાહ એવી છે કે,વૃદ્ધા વસ્થા માટે એક ભાગનો સંગ્રહ કરજો. છોકરાઓ પાસે માગવાનો પ્રસંગ ન આવે તે જો જો.એક ડોસો માંદો પડયો.મૃત્યુ નજીક આવેલું જાણી તેણે પોતાનું સર્વસ્વ ત્રણે છોકરાઓ વચ્ચે વહેંચી દીધું.પણ બન્યું એવું કે, મરવાને બદલે ડોસો સાજો થઈ ગયો.પરંતુ હવે ઘરમાં બધા એને ધુત્કારવા લાગ્યા.છોકરા કંઈઆપે નહીં.ડોસાને દુઃખ થયું.ડોસાએ એક મિત્રની સલાહ લીધી મિત્રે એક મોટી પેટી પથ્થરો ભરી તાળું મારી ડોસાને મોકલાવી આપી ડોસાએ ઘરના માણસોને કહ્યું, આ પેટીમાં થોડી મૂડી છે તે લઈને હરિદ્વાર જાઉં છું.ત્યાં સાધુસંતોને જમાડીશ અને તીર્થસ્નાનમાં રહીશ.

વજનદાર પેટી જોઈ બધા માનવા લાગ્યા કે,હજુ ડોસાએ પોતાની પાસે ઘણું રાખ્યું છે,એટલે હવે બધા પુત્રો આગ્રહ કરવા લાગ્યા, બાપા મારી સાથે રહો,મારી સાથે રહો!તમે તીર્થસ્થાનમાં એકલો રહો તે અમને ન શોભે,દુનિયા અમને શું કહે?દુનિયા કેવી સ્વાર્થી છે!પોતે ખોટું કરે છે એનું એને દુઃખ નથી,પણ ખોટું દેખાય છે એનું તેને દુઃખ છે. બસ,પછી તો ડોસાની સેવાચાકરી થવા લાગી પણ ડોસાએ મરતાં લગી પેટીની ચાવી કોઈને આપી નહીં અને એમ કરતાં છોકરાઓ અને પુત્ર વધૂઓની ચાકરી ભોગવતો ભોગવતો મરી ગયો. છોકરાઓએ ધામધૂમથી એમની ઉત્તરક્રિયા કરીને પછી બધાએ હોંશે હોંશે પેલી પેટી ઊઘાડી તો એમાં એકલા પથ્થરો!છોકરાઓ નાં દુષ્કર્મો જ જાણે પથરા થઈને એમની સામે આવી ઊભાં!બધા એ કપાળ કૂટ્યું!જગત આવું સ્વાર્થી છે.

શુક્રાચાર્ય બલિરાજાને કહે છે કે, ફરીથી કહું છું ચેત!તારા ત્રણ પગ થી મારી જમીન આપજે,એના પગથી માપતો નહીં!પણ બલિ રાજા કહે છે,મેં એના ત્રણ પગ જેટલી જમીન આપવા સંકલ્પ કર્યો! હવે ના પાડું તો અસત્ય બોલવાનું પાપ થાય.શુક્રાચાર્ય કહે છે કે,અસત્ય બોલવું એ ધર્મ છે એવું હું નથી કહેતો. પણ આવા વિપત્તિના સમયે અસત્ય બોલો તો તે ક્ષમ્ય છે. સત્ય બોલવાથી કોઈ જીવની હિંસા થતી હોય તો અસત્ય બોલવું એ ક્ષમ્ય ગણાશે. બ્રાહ્મણના રક્ષણ માટે અસત્ય બોલવું પડે તો તે ય ક્ષમ્ય છે.હે રાજા, તમારા માથે પ્રાણસંકટ છે, માટે વચનભંગની બીક ન રાખ! ચેતી જા!પણ બલિરાજા કહે છે, ગુરુજી,લાચાર છું. મારાથીએનહીં બને.હું વૈષ્ણવ છું.હું માનતો હતો, આ કોઈ બ્રાહ્મણનો છોકરો છે, પરંતુ હવે જ્યારે તમે કહો છો કે, પરમાત્મા સાક્ષાત્ મારી પાસે માગવા આવેલા છે તો મારા નારાયણને હું મારું સર્વસ્વઅર્પણ કરીશ.હું મારા વચનનો ભંગ કરીશ નહીં.મારી પાસે વિષ્ણુ ભગવાન ચાહીને દાન લેવા આવે એથી રુડું મારે શું?આથી તો જગતમાં મારી પ્રતિષ્ઠા વધશે. આપે જ મને શીખવ્યું છે કે, આ લોકમાં અને પરલોકમાં સુખી થવું હોય તો ધનનો પરાર્થે ઉપયોગ કરવો. પૈસાનો દુરુપયોગ ન થાય તો મરતાં સુધી શાંતિ મળતી નથી હું પ્રહલાદના વંશનો છું,હું વૈષ્ણવ છું.અમે વૈષ્ણવો ઠાકોરજીને સર્વ સ્વનું અર્પણ કરીએ છીએ.આજે સર્વસ્વનું દાન કરીશ.દાન આપ્યા પછી કદાચ નરકમાં જવું પડે તો મને એની ચિંતા નથી.એ ચિંતા ભગવાનના માથે છે,કારણ કે ભગવાનનો થયા પછી મારે નરક માં જવું પડે તો ભાર ભગવાનને માથે છે. બલિરાજા તપસ્વી હતો, જ્ઞાની હતો,ભક્ત હતો.દાનનું રહસ્ય તે સમજતો હતો.તે કહેછે બ્રાહ્મણને જ્યારે દાન કરવામાં આવે છે,ત્યારે તેના શરીરમાં વિષ્ણુનું આવાહન કરવામાં આવે છે. ત્યારે તે સાક્ષાત્ મહાવિષ્ણુ મારે ત્યાં આવ્યા છે.ગુરુજી,હું સર્વસ્વ તેમને અર્પણ કરીશ.જ્યાં ભગવાન ત્યાં હું!જ્યાં હું ત્યાં ભગવાન! દરેક સત્કર્મ વખતે તમે મારી પાસે સંકલ્પ કરાવો છો કે, આ કર્મ હું ભગવાનને અર્પણ કરું છું.ભગવાન પ્રસન્ન થાઓ!મને અને આ કર્મને કંઈ લેવાદેવા નથી આમ બધું ફળ તમે શ્રીકૃષ્ણાર્પણ કરાવો છો.તો શ્રીકૃષ્ણ પોતે મારી પાસે આજે માગવા આવ્યા છે તો હું કેમ ના પાડું?મારા ભગવાનને હું સર્વસ્વ અર્પણ કરીશ.પછી બલિરાજાના કહેવાથી વામનજી દાનનો સંકલ્પ કરાવે છે.કહે છે, ઝારીમાંથી જળ હાથમાં પધરાવો શુક્રાચાર્યજીથી આ સહન થયું નહીં.સંકલ્પનું જળ ઝારીમાંથી બહાર ન આવે માટે શુક્રાચાર્ય સૂક્ષ્મરૂપ ધરી તેના નાળચામાં ભરાઈને બેઠા. વામનજી સમજી ગયા કે,શુક્રાચાર્ય ઝારીમાં બેઠા છે તેમણે દર્ભની સળી લઈ ઝારીના નાળચામાં નાંખી તેથી શુક્રાચાર્ય ની એક આંખ ફૂટી ગઈ.ભગવાન કૃપા કરે છે ત્યારે આંખ ફોડે છે. પરમાત્માએ બોધ આપ્યો કે,મારા દર્શન કર્યા પછી એકઆંખે જગત ને નિહાળજો.એક જ ઈશ્વર સર્વ માં રહેલો છે તેમ જુએ તે સમતા બે આંખથી જુએ તે વિષમતા. એક આંખથી સર્વને જુઓ.કાંઈ કપટ ન કરો.વામનજીએ બે આંખ નથી ફોડી,એક ફોડી છે એટલે દેખવાની એને તક આપી છે.એનું સ્વાતંત્ર સ્વીકાર્યું છે ને વિષમતા માટે સજા કરી છે. ભગવાન પોતે માગવા આવ્યા છે તેમ છતાં શુક્રાચાર્યના મનમાંથી દ્વૈતભાવ જતો નથી.આ મારો યજમાન અને આ માગનાર એવો તેણે દ્વૈતભાવ રાખ્યો. ભગવદ્ ગીતા જ્ઞાનમાં અહીં અટકીએ અસ્તુ.

# પશ્ચિમ રેલવેના મહાપ્રબંધકે અમદાવાદ મંડળના બે કર્મચારીઓને સંરક્ષા પુરસ્કાર થી સન્માનિત કર્યા

**અમદાવાદ મંડળને આવા કર્મઠ અને જવાબદાર કર્મચારીઓ પર ગૌરવ છે, જે પડકારજનક પરિસ્થિતિઓમાં પણ ધીરજ, સતર્કતા અને વ્યાવસાયિક કુશળતાનું પ્રદર્શન કરે છે**

અમદાવાદ, તા. 25

પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી વિવેક કુમાર ગુપ્તાએ પશ્ચિમ રેલવે મુખ્યાલય, મુંબઈ ખાતે અમદાવાદ મંડળના બે કર્મચારીઓ શ્રી વિકાસસિંહ પોઈન્ટ્સમેન અને શ્રી કમલેશ કુમાર એમ., લોકો પાઈલટ ને તેમની ઉત્કૃષ્ટ કામગીરી અને સુરક્ષિત ટ્રેન સંચાલનમાં મહત્વપૂર્ણ યોગદાન માટે સંરક્ષા પુરસ્કારથી સન્માનિત કર્યા હતા. આ બંને કર્મચારીઓને ઓક્ટોબર 2025 દરમિયાન તેમની સતર્કતા, ઝડપી નિર્ણય ક્ષમતા અને ફરજનિષ્ઠા દ્વારા સંભવિત અકસ્માતો ટાળવા બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા



3 ઓક્ટોબર 2025 ના રોજ સમાખિયાળી સ્ટેશન પર ડ્યુટી દરમિયાન પોઈન્ટ્સમેન શ્રી વિકાસસિંહે એક લૉંગ હોલ ટ્રેનના વેગન (CNCR 5452113254) ના એક્સલ પર બે બોલ્ટ ગાયબ હોવાનું જોયું. તેમણે તરત જ લાલ સિગ્નલ આપીને ટ્રેન રોકી દીધી. તપાસમાં બોલ્ટ ખરેખર ગાયબ હોવાનું નિશ્ચિત થયું, જેના પછી CCR ના નિર્દેશ અનુસાર વેગનને C&W સ્ટાફ દ્વારા તપાસ માટે લાઈન નંબર 03 પર લાવવામાં આવી અને સુરક્ષિત રીતે આગળની કાર્યવાહી કરવામાં આવી. તેમની સતર્કતાથી સંભવિત ગંભીર તકનિકી ખામી સમયસર ટળી ગઈ.

4 ઓક્ટોબર 2025ના રોજ ટ્રેન નંબર 69243 (અસારવા-ઉદયપુર) ચલાવતા સમય લોકો પાઈલટ શ્રી કમલેશ કુમાર એમ. એ હિંમતનગર થી આગળ કિલોમીટર 321/12-321/11 પર ત્રણ અજ્ઞાત વ્યક્તિઓને રેલવે ટ્રેક પર વસ્તુઓ મૂકતાં જોયા। તેમણે તરત જ ઈમરજન્સી બ્રેક લગાવી અને ટ્રેનને અવરોધથી આશરે 15 મીટર પહેલા સુરક્ષિત રીતે રોકી દીધી. તપાસમાં જાણવા મળ્યુ કે OHE કૅન્ટિલીવર એસેમ્બલી (રજિસ્ટર આર્મ) નો એક ભાગ પાટા પર પડેલો હતો. તેમણે તરત જ સંબંધિત અધિકારીઓને જાણ કરી અને લોખંડની રોડને સુરક્ષિત કરીને આગળની તમામ પ્રક્રિયાઓ નિયમો અનુસાર પૂર્ણ કરી. તેમની તત્પરતા અને ઝડપી નિર્ણય ક્ષમતાએ મોટી દુર્ઘટના ટાળવામાં મહત્વની ભૂમિકા ભજવી.

અમદાવાદ મંડળને આવા કર્મઠ અને જવાબદાર કર્મચારીઓ પર ગૌરવ છે, જે પડકારજનક પરિસ્થિતિઓમાં પણ ધીરજ, સતર્કતા અને વ્યાવસાયિક કુશળતાનું પ્રદર્શન કરે છે। આ સન્માન ન માત્ર તેમની ફરજનિષ્ઠાનું માન નથી, પરંતુ પશ્ચિમ રેલવેની તે કાર્ય સંસ્કૃતિનું પ્રતીક પણ છે,જ્યાં સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવે છે।

# ઉત્તર બુનિયાદી કારઠ શાળામાં તમાકુ નિયંત્રણ કાર્યક્રમ

■ **વિદ્યાર્થીઓને તમાકુના વ્યસન દ્વારા થતા નુકસાન અંગે અને COTPA -2003 ના કાયદા વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું**








ઝાલોદ, તા. 25

તારીખ 24/11/2025 ના રોજ તમાકુ મુકત યુવા અભિયાન 3.0 અંતર્ગત શ્રી ઉત્તર બુનિયાદી વિદ્યાલય કારઠ શાળામાં રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ જિલ્લા પંચાયત દાહોદ અંતર્ગત યોજવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓને તમાકુના વ્યસન દ્વારા થતા નુકસાન અંગે અને COTPA -2003 ના કાયદા વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું. વિદ્યાર્થીઓને રચનાત્મક પ્રવૃત્તિ કરાવવામાં આવી. રચનાત્મક પ્રવૃત્તિ દરમિયાન પ્રથમ દ્વિતીય અને તૃતીય વિજેતાઓને ઈનામ આપવામાં આવેલ છે. તેમજ ભાગ લીધેલ તમામ બાળકોને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવેલ છે.

આ કાર્યક્રમ દ્વારા શાળાને તમાકુ મુક્ત શૈક્ષણિક સંસ્થા જાહેર કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમ શ્રી રાઠોડ શૈલેષભાઈ તેમજ શાળાના આચાર્યશ્રી તથા શિક્ષક ગણ હાજર રહી કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમ દ્વારા શાળાને તમાકુ મુક્ત શૈક્ષણિક સંસ્થા જાહેર કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમ શ્રી રાઠોડ શૈલેષભાઈ તેમજ શાળાના આચાર્યશ્રી તથા શિક્ષક ગણ હાજર રહી કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

# કપાસમાં થતા રોગ માટે વાવણી પહેલાં/ વાવણી સમયે લેવાના પગલાં

નડિયાદ, તા. 25

ગ્લોબલ વોર્મિંગ અને માવઠા ના પગલે જગતના તાત ખેડૂતને ખેતીમાં તેના પાક બાબતે તેમાં લેવાના સાવચેતીને પગલા માટે આ જાણકારી ઘણી ઉપયોગી થઈ પડશે એમ માનીને આજે આપણે જાણીશું કપાસમાં થતા રોગ માટે વાવણી પહેલાં/ વાવણી સમયે લેવાના પગલાં વિશેની માહિતી. કપાસમાં સુકારો, મુળખાઇ, ખૂણિયાં ટપકાં, પેરાવિલ્ટ રોગના સંકલિત વ્યવસ્થાપન માટે વાવણી પહેલાં/ વાવણી સમયે સંકલિત વ્યવસ્થાપન અંગે જિલ્લા ખેતીવાડી વિભાગ દ્વારા કેટલાક ઉપાયો સુચવાયા છે. જો જીવાતોનો ઉપદ્રવ જોવા મળે તો ખેડૂતો કેટલાક ઉપચારક પગલા ભરવાથી રોગને નિયંત્રણ કરી શકે છે. લાંબા ગાળે પાકની ફેરબદલી કરવી,નાઈટ્રોજન, ફોસ્ફરસ અને પોટાશનું સપ્રમાણ જાળવી વપરાશ કરવો, લીલો પડવાશ, છાણિયું ખાતર હેકટરે ૧૦ ટન અથવા પ્રેસમડ અથવા મરઘાનું ખાતર ૨ ટન/ હે અથવા એરંડીના ૫૦૦ કિગ્રા ખોળમાં ૪ કિગ્રા ટ્રાઈકોડર્મા હારજીયાનમનું મિશ્રણ અથવા ટ્રાયકોડર્મા વિરીડી @ ૨.૫ કિલોગ્રામ પ્રતિ હેક્ટરે ૧૦૦ કિલોગ્રામ છાણીયા ખાતર સાથે મિશ્ર કરી વાવણી સમયે ચાસમાં જમીનમાં ભેજ હોય ત્યારે આપવાની ભલામણ છે. કપાસમાં નવો સુકારો અથવા પેરાવિલ્ટના આગોતરા નિયંત્રણ માટે હલકી જમીનમાં કપાસનું વાવેતર નિકપાળાં પદ્ધતિથી પાળા ઉપર કરવું તથા જમીનમાં સેન્દ્રીય ખાતરો પૂરતા પ્રમાણમાં આપવા,આંતર પાક તરીકે મઠ અથવા અડદનું વાવેતર કરવું તેમજ સુકારાના નિયંત્રણ માટે મકાઈને આંતર પાક તરીકે વાવવો.

## ૨૬ નવેમ્બર, ૧૯૪૯માં બંધારણસભાએ સ્વતંત્ર ભારતના બંધારણને સ્વીકાર્યું અને ૨૬ જાન્યુઆરી ૧૯૫૦થી બંધારણ અમલમાં આવ્યું

નડિયાદ, તા. 25

બંધારણ દિવસ. આ દિવસે સમગ્ર ભારતમાં પૂર્વ નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મજયંતિના અવસરની ઉજવણી રાષ્ટ્રીય પદયાત્રા થકી કરવામાં આવી રહી છે. સરદાર પટેલના એકતા અને અખંડિતતાના સંદેશને જન જન સુધી પહોંચાડવાનો સ્તુત્ય પ્રયાસ આ રાષ્ટ્રીય એકતા પદયાત્રા થકી કરાયો છે ત્યારે ૨૬મી નવેમ્બર બંધારણ દિવસ વિશે જાણીએ.

# પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં છઠ્ઠી DRM ચેમ્પિયનશિપનું શુભારંભ

અમદાવાદ, તા. 25

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં અમદાવાદ મંડળ સ્પોર્ટ્સ એસોસિયેશન (ADSA) દ્વારા આયોજિત છઠ્ઠી DRM ચેમ્પિયનશીપનો શુભારંભ 25 નવેમ્બર 2025ના રોજ સાબરમતી સ્થિત સ્પોર્ટ્સ મેદાનમાં કરવમાં આવ્યું. આ કાર્યક્રમની શરૂઆત એસોસિયેશનના અધ્યક્ષ અને મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ દ્વારા કરવામાં આવી હતી. વર્ષ 2025-26 ની આ ચેમ્પિયનશીપમાં 10 રમતો અને કુલ 38 ઈવેન્ટ્સ શામિલ છે. અમદાવાદ મંડળના 16 વિભાગોના લગભગ 1100-1200 કર્મચારીઓ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યા છે, જે તેને પશ્ચિમ રેલવેની સૌથી મોટી રમત સ્પર્ધાઓમાંની એક બનાવે છે, સ્પર્ધામાં ક્રિકેટ, ફૂટબોલ, વોલીબોલ, ટેબલ ટેનિસ, બેડમિન્ટન, કેરમ, શત્રંજ અને ઍથ્લેટિક્સ સહિત અનેક લોકપ્રિય રમતોનો સમાવેશ થાય છે। કુલ 16 ટીમો વિવિધ વિભાગો, કારખાનાઓ, સાબરમતી સ્ટોર અને ગાંધીધામ એરિયા મેનેજરની ટીમ ભાગ લઈ રહી છે, DRM ચેમ્પિયનશીપનો ઉદ્દેશ રમતભાવનાને પ્રોત્સાહિત કરવો, કર્મચારીઓમાં ટીમવર્ક વધારવું અને શારીરિક ક્ષમતા (ફિટનેસ)ને પ્રોત્સાહિત કરવાનો છે. આ આયોજન કર્મચારીઓને રમતો દ્વારા ઉત્કૃષ્ટતા હાંસલ કરવા માટે પ્રેરિત કરે છે।

## પીએમ કેર ફોર ચિલ્ડ્રન યોજના અંતર્ગત જિલ્લા સ્તરે સમન્વય બેઠક યોજાઇ

નડિયાદ, તા. 25

જિલ્લા કલેક્ટરશ્રી અમિત પ્રકાશ યાદવના અધ્યક્ષસ્થાને પીએમ કેર ફોર ચિલ્ડ્રન યોજના હેઠળ લાભાર્થી બાળકો તથા તેમના વાલીઓ સાથે સમન્વય બેઠક યોજાઈ હતી. બેઠકનો મુખ્ય ઉદ્દેશ બાળકોના સર્વાંગી વિકાસ–શિક્ષણ, આરોગ્ય, સુરક્ષા તથા કલ્યાણકારી યોજનાઓના લાભોની અસરકારક અમલવારી વિશે માર્ગદર્શન આપવાનો અને તેની સમીક્ષા કરવાનો હતો. જિલ્લા કલેક્ટરશ્રીએ દરેક બાળક તથા તેમના વાલીઓ સાથે વ્યક્તિગત સંવાદ કર્યો હતો. બાળકોના શૈક્ષણિક પ્રગતિ, આરોગ્ય સંબંધિત જરૂરિયાતો તથા અન્ય સરકારી સહાય પ્રાપ્ત થવામાં આવતી મુશ્કેલીઓ અંગે સવિસ્તાર ચર્ચા કરવામાં આવી હતી.

# મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ (SIR)2025 - અમદાવાદ જિલ્લો

અમદાવાદ, તા. 25

અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદારયાદી ખાસ સઘન સુધારણા ઝૂંબેશ (SIR) અંતર્ગત શહેર-જિલ્લાના ૨૧ વિધાનસભા વિસ્તારોમાં BLO દ્વારા એન્યુમરેશન ફોર્મ વિતરણ અને પરત કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં એક પણ લાયક મતદારનું નામ મતદારયાદીમાંથી બાકાત ન રહે તે માટે સઘન કામગીરી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત શહેરના એલિસબ્રિજ વિધાનસભા વિસ્તારમાં મતદારો માટે એન્યુમરેશન ફોર્મ પરત આપવા મતદાર ચૂંટણી અધિકારી દ્વારા અનુરોધ કરાયો છે. મતદારોને અપાયેલા એન્યુમરેશન ફોર્મમાં આપેલા નંબર થકી મતદારો પોતાના BLOનો સંપર્ક કરી શકશે. ખાસ કરીને, એલિસબ્રિજ વિધાનસભા વિસ્તારના ગુલબાઈ ટેકરા વિસ્તાર (સખામુખીનો વાસ, મોડાદેવાનો વાસ, મોડાબધાનો વાસ, અણદામુખીનો વાસ) આઝાદ સોસાયટીનાં ઝૂંપડાં, કાશ્મીરા સોસાયટી અને આશિયાના ફ્લેટ, સુખીપુરા, ડુંગરશીનગરના કચ્છીના છાપરા, સૌરભનગરના છાપરા વિસ્તારના મતદારો તેમજ એલિસબ્રિજ વિસ્તારમાં થયેલા રિડેવલપમેન્ટ/ ડિમોલિશનના કારણે સ્થળાંતર થયેલા ઝૂંપડા/સોસાયટી/ફ્લેટના મતદારો કે જેઓ ૨૦૨૫ની મતદારયાદીમાં નામ ધરાવે છે, પરંતુ હાલ અન્યત્ર રહેવા ગયા છે, તેઓને પોતાના એન્યુમરેશન ફોર્મ વહેલી તકે પોતાના સબંધિત BLOનો સંપર્ક કરી પરત કરવા એલિસબ્રિજ મતવિસ્તારના ચૂંટણી અધિકારી દ્વારા અનુરોધ કરાયો છે.

**રાષ્ટ્રીય પદયાત્રામાં સરદાર ગાથા સભા અને ગ્રામસભાઓ યોજાશે**

# પદયાત્રાના રૂટમાં કુલ ૧૧ સરદાર ગાથા સભા તેમજ ૧૦ ગ્રામસભાનું ભવ્ય આયોજન


**સરદાર પટેલની પ્રેરણાદાયી ગાથાઓ, આદર્શો અને સિદ્ધાંતો જન-જન સુધી પહોંચાડવાનો મુખ્ય ઉદ્દેશ**

નડિયાદ, તા. 25

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઊજવણીના ભાગરૂપે કરમસદથી સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધી એકતા અને અખંડિતતાના મજબૂત સંદેશ સાથે યોજાનાર રાષ્ટ્રીય પદયાત્રા આણંદ, વડોદરા અને નર્મદા જિલ્લામાંથી પસાર થઈને ૧૫૦ કિ.મી. જેટલું અંતર કાપી રાષ્ટ્રીય એકતાની સંવેદનાને ઉજાગર કરશે. રાષ્ટ્રીય પદયાત્રા દરમિયાન અખંડ ભારતના નિર્માતા અને લોહપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલના જીવન મૂલ્યો, આદર્શો, સિદ્ધાંતો અને વિરાટ વ્યક્તિત્વને કથા અને પ્રવચનના માધ્યમથી લોકોના હૃદયમાં જીવંત રાખવા માટે કુલ ૧૧ સરદાર ગાથા સભા અને ૧૦ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું છે. કુલ ૧૧ સરદાર ગાથા સભા પૈકી ૨ (બે) સભા આણંદ જિલ્લામાં, ૬ (છ) સભા વડોદરા જિલ્લામાં તેમજ ૩ સભા નર્મદા જિલ્લામાં યોજાશે. આણંદના વલ્લભ વિદ્યાનગર સ્થિત શાસ્ત્રી મેદાન ખાતે પ્રથમ સરદાર ગાથા સભાનું આયોજન કરીને રાષ્ટ્રીય પદયાત્રાનું ભવ્ય પ્રસ્થાન થશે. ત્યારબાદ આસોદર-આઈ.ટી.આઈ. આંકલાવ ખાતે 'સરદાર: ગાંધીના અડગ સાથી' વિષય પર દ્વિતીય સરદાર ગાથા સભા યોજાશે. વડોદરા જિલ્લામાં યોજાનાર સરદાર ગાથા સભાની વિગતો પર નજર કરીએ તો, સિંધરોટ ખાતે 'સરદાર: ઓજસ્વી સેનાપતિ' વિષય પર, અટલાદરા બી.એ.પી.એસ મંદિર ખાતે 'વિઠ્ઠલભાઈ - મણિબેન અને સરદાર' વિષય પર, જાંબુઆ ખાતે 'આધુનિક ભારતના શિલ્પકાર - સરદાર' વિષય પર, કાયાવરોહણના લકુલેશ મંદિર ખાતે 'કાશ્મીર-હૈદરાબાદ અને સરદાર' વિષય પર, સાધલી ગામ ખાતે 'સરદાર અને તેમના સાથીદારો' તેમજ 'જુનાગઢ-સોમનાથ અને સરદાર' વિષય પર, મોટા ફોફળીયા ખાતે 'સરદાર: બારડોલી સત્યાગ્રહના આગેવાન' વિષય એમ કુલ ૬ સરદાર ગાથા સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આવી જ રીતે નર્મદા જિલ્લામાં રાજપીપળા-પુરાની ક્રિકેટ એકેડમી ખાતે 'વારસો અને પુનરુત્થાન - શાશ્વત સરદાર' વિષય પર, ભાણદ્રા ચોકડી ખાતે 'સમાજ સુધારક સરદાર' વિષય પર અને એકતાનગર સ્થિત સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સમાપન સભા એમ કુલ ત્રણ સરદાર ગાથા સભાનું આયોજન કરવામાં આવ્યું છે. તદુપરાંત રાષ્ટ્રીય પદયાત્રાના માર્ગ પર આવતા ગામડાઓમાં સરદાર વલ્લભભાઈ પટેલના આદર્શો, એકતા અને રાષ્ટ્રનિર્માણમાં તેમના યોગદાનને લોકો સુધી પહોંચાડવાના મુખ્ય ઉદ્દેશ સાથે ગ્રામસભાના આયોજન થકી અનેકવિધ જનજાગૃતિ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર રૂટ પર કુલ ૧૦ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું છે, જૈ પૈકી આણંદ જિલ્લામાં એક ગ્રામસભા (આંકલાવ ખાતે), વડોદરા જિલ્લામાં સાત ગ્રામસભા અને નર્મદા જિલ્લામાં બે ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું છે. સમાજને સરદાર વલ્લભભાઈ પટેલના વિચારોની દિશા આપતી તેમજ રાષ્ટ્રની એકતા અને અખંડિતતા જાળવવા માટે જાગૃત કરતી આ રાષ્ટ્રીય પદયાત્રામાં ઉત્સાહપૂર્વક જોડાઈને લોહપુરુષ સરદાર પટેલ સાહેબને સાચી શ્રદ્ધાંજલિ આપવા માટે નાગરિકોને અનુરોધ કરવામાં આવે છે. વિષય પર દ્વિતીય સરદાર ગાથા સભા યોજાશે. વડોદરા જિલ્લામાં યોજાનાર સરદાર ગાથા સભાની વિગતો પર નજર કરીએ તો, સિંધરોટ ખાતે 'સરદાર: ઓજસ્વી સેનાપતિ' વિષય પર, અટલાદરા બી.એ.પી. એસ મંદિર ખાતે 'વિઠ્ઠલભાઈ - મણિબેન અને સરદાર' વિષય પર, જાંબુઆ ખાતે 'આધુનિક ભારતના શિલ્પકાર - સરદાર' વિષય પર, કાયાવરોહણના લકુલેશ મંદિર ખાતે 'કાશ્મીર-હૈદરાબાદ અને સરદાર' વિષય પર, સાધલી ગામ ખાતે 'સરદાર અને તેમના સાથીદારો' તેમજ 'જુનાગઢ-સોમનાથ અને સરદાર' વિષય પર, મોટા ફોફળીયા ખાતે 'સરદાર: બારડોલી સત્યાગ્રહના આગેવાન' વિષય એમ કુલ ૬ સરદાર ગાથા સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આવી જ રીતે નર્મદા જિલ્લામાં રાજપીપળા-પુરાની ક્રિકેટ એકેડમી ખાતે 'વારસો અને પુનરુત્થાન - શાશ્વત સરદાર' વિષય પર, ભાણદ્રા ચોકડી ખાતે 'સમાજ સુધારક સરદાર' વિષય પર અને એકતાનગર સ્થિત સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સમાપન સભા એમ કુલ ત્રણ સરદાર ગાથા સભાનું આયોજન કરવામાં આવ્યું છે. તદુપરાંત રાષ્ટ્રીય પદયાત્રાના માર્ગ પર આવતા ગામડાઓમાં સરદાર વલ્લભભાઈ પટેલના આદર્શો, એકતા અને રાષ્ટ્રનિર્માણમાં તેમના યોગદાનને લોકો સુધી પહોંચાડવાના મુખ્ય ઉદ્દેશ સાથે ગ્રામસભાના આયોજન થકી અનેકવિધ જનજાગૃતિ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર રૂટ પર કુલ ૧૦ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું છે, જૈ પૈકી આણંદ જિલ્લામાં એક ગ્રામસભા (આંકલાવ ખાતે), વડોદરા જિલ્લામાં સાત ગ્રામસભા અને નર્મદા જિલ્લામાં બે ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું છે. સમાજને સરદાર વલ્લભભાઈ પટેલના વિચારોની દિશા આપતી તેમજ રાષ્ટ્રની એકતા અને અખંડિતતા જાળવવા માટે જાગૃત કરતી આ રાષ્ટ્રીય પદયાત્રામાં ઉત્સાહપૂર્વક જોડાઈને લોહપુરુષ સરદાર પટેલ સાહેબને સાચી શ્રદ્ધાંજલિ આપવા માટે નાગરિકોને અનુરોધ કરવામાં આવે છે.

# રવિન્દ્ર જાડેજાએ દક્ષિણ આફ્રિકા સામે મોટી સિદ્ધિ હાંસલ કરી

## કુંબલે-હરભજનની યાદીમાં સામેલ



**મુંબઇ, તા. 25**

દક્ષિણ આફ્રિકા અને ભારત વચ્ચે ટેસ્ટ સીરિઝની બીજી મેચ ગુવાહાટીના બરસાપારા ક્રિકેટ સ્ટેડિયમમાં રમાઈ રહી છે. ભારતીય ટીમ હાલમાં આ ટેસ્ટ મેચમાં બેકફૂટ પર હોય તેવું લાગે છે. જોકે, આ ટેસ્ટ મેચ દરમિયાન, સ્ટાર ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ એક મોટી સિદ્ધિ હાંસલ કરી. તેણે હવે દક્ષિણ આફ્રિકા સામે ટેસ્ટ ક્રિકેટમાં 50 વિકેટ લીધી છે, તે આ સિદ્ધ મેળવનારા પાંચમા ભારતીય બોલર છે, દક્ષિણ આફ્રિકા સામે સૌથી વધુ ટેસ્ટ વિકેટ લેનારા ભારતીય બોલરો, ભારત માટે ટેસ્ટ ક્રિકેટમાં દક્ષિણ આફ્રિકા સામે સૌથી વધુ વિકેટ લેવાનો રેકોર્ડ અનિલ કુંબલેના નામે છે. તેમણે 40 ઈનિંગ્સમાં 54 વિકેટ લીધી હતી. પૂર્વ ફાસ્ટ બોલર જવાગલ શ્રીનાથ આ યાદીમાં બીજા સ્થાને છે. શ્રીનાથ 25 ઈનિંગમાં 64 વિકેટ લઈ ચૂક્યા છે. હરભજન સિંહ 19 ઈનિંગમાં 60 વિકેટ સાથે ત્રીજા સ્થાને છે.પૂર્વ ઓફ સ્પિનર રવિચંદ્રન અશ્વિન આ યાદીમાં ચોથા સ્થાને છે. તેમણે 26 ઈનિંગમાં 57 વિકેટ લીધી હતી. હવે રવિન્દ્ર જાડેજાએ 19 ઈનિંગમાં 50 વિકેટ લીધી છે. હવે જાડેજાનું નામ આ યાદીમાં જોડાઈ ગયું છે. રવિન્દ્ર જાડેજા ભારતમાં દક્ષિણ આફ્રિકા સામે ટેસ્ટમાં ભારત માટે બીજા ક્રમે સૌથી વધુ વિકેટ લેનાર બોલર બન્યા છે.

# T20 વર્લ્ડ કપ- 2026નું શિડ્યૂલ આજે જાહેર થશે:15 ફેબ્રુઆરીએ કોલંબોમાં ભારત-પાકિસ્તાન મેચ રમાશે

**મુંબઇ, તા. 25**

ICC 2026 મેન્સ T20 વર્લ્ડ કપનું શેડ્યૂલ મંગળવારે સાંજે મુંબઈમાં જાહેર થશે. તેનું લાઈવ સ્ટાર સ્પોર્ટ્સ પર સાંજે 6.30 વાગ્યાથી કરવામાં આવશે. ટુર્નામેન્ટ 7 ફેબ્રુઆરીથી 8 માર્ચ સુધી ભારત અને શ્રીલંકાની યજમાનીમાં યોજાશે. ગ્રૂપ સ્ટેજમાં ભારત-પાકિસ્તાનની હાઈ-વોલ્ટેજ મેચ 15 ફેબ્રુઆરીએ કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમમાં રમાશે. ભારતના 5, શ્રીલંકાના 3 સ્થળો શોર્ટલિસ્ટ BCCIએ ટુર્નામેન્ટની યજમાની માટે અમદાવાદ, દિલ્હી, કોલકાતા, ચેન્નઈ અને મુંબઈને શોર્ટલિસ્ટ કર્યા છે. શ્રીલંકામાં કોલંબોના બે સ્ટેડિયમ અને કેન્ડીનું એક સ્ટેડિયમ પસંદ કરવામાં આવ્યું છે. કોલંબોમાં ભારત અને પાકિસ્તાન શા માટે રમાઈ રહી છે? ચેમ્પિયન્સ ટ્રોફી પહેલાં BCCI અને PCB વચ્ચે આ સહમતિ બની હતી કે ભવિષ્યમાં બંને ટીમ એકબીજાના દેશોની યાત્રા નહીં કરે, પરંતુ પોતાની મેચ ન્યુટ્રલ વેન્યૂ પર રમશે.ટુર્નામેન્ટની પ્રથમ મેચ 7 ફેબ્રુઆરીએ મુંબઈમાં ભારત અને USA વચ્ચે રમાશે. જ્યારે, ટુર્નામેન્ટમાં દરરોજ ગ્રૂપ સ્ટેજમાં ત્રણ મેચ રમાશે. ભારતને USA, નેધરલેન્ડ્સ, નામીબિયા અને પાકિસ્તાન સાથે એક જ ગ્રૂપમાં રાખવામાં આવ્યું છે. ગ્રૂપ સ્ટેજમાં ટીમને 5 ગ્રૂપમાં વહેંચવામાં આવી ગ્રૂપ સ્ટેજમાં કુલ 20 ટીમ સામેલ થશે, જેમને પાંચ અલગ-અલગ ગ્રૂપમાં વહેંચવામાં આવશે. દરેક ટીમ પોતાના ગ્રૂપમાં લીગ મેચ રમશે. દરેક ગ્રૂપમાંથી માત્ર ટોચની બે ટીમ જ સુપર-8 માટે ક્વોલિફાય કરી શકશે. સુપર-8માં ટીમને બે ગ્રૂપમાં વહેંચવામાં આવશે સુપર-8માં 8 ટીમને બે ગ્રૂપમાં વહેંચવામાં આવશે. દરેક ગ્રૂપની ટોપ-2 ટીમ સેમિફાઈનલમાં પહોંચશે. ભારત-પાક એશિયા કપમાં આ વર્ષે 3 વખત ટકરાયા હતા ભારત-પાકિસ્તાન 9 થી 28 સપ્ટેમ્બર વચ્ચે યોજાયેલા એશિયા કપમાં ભારત અને પાકિસ્તાનની ટીમ 3 વખત એકબીજા સામે મેચ રમી. ત્રણેય વખત ભારતીય ટીમને જીત મળી.

# સ્મૃતિ મંધાના-પલાશે સોશિયલ મીડિયા પરથી લગ્નના ફોટો-વીડિયો હટાવ્યા



**મુંબઇ, તા. 25**

ભારતીય મહિલા ક્રિકેટ ટીમની વાઈસ કેપ્ટન સ્મૃતિ મંધાના અને સંગીતકાર પલાશ મુચ્છલે પોતાના સોશિયલ મીડિયા અકાઉન્ટમાંથી લગ્નના ફોટો-વીડિયો હટાવી દીધા છે. આ બંનેના લગ્ન 23 નવેમ્બરના રોજ થવાના હતા. આ દરમિયાન સ્મૃતિના પિતા શ્રીનિવાસ મંધાનાની તબિયત ખરાબ થઈ હતી અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા. જેના કારણે લગ્ન હાલ ટળ્યા છે. ત્યાર બાદ પલાશની પણ તબિયત બગડી ગઈ અને તેને હોસ્પિટલમાં જવું પડ્યું. જોકે, સારવાર બાદ તેને રજા આપવામાં આવી છે. સ્મૃતિના પિતા પણ સ્વસ્થ થઈ રહ્યા છે. તેમને સોમવારે હોસ્પિટલમાંથી રજા મળી શકે છે. સ્મૃતિ અને પલાશના લગ્નની બધી તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ હતી. બંને પક્ષના મહેમાનો આવી ગયા હતા. આ દરમિયાન રવિવારે સવારે નાસ્તો કરતી વખતે સ્મૃતિના પિતા અચાનક બીમાર પડી ગયા. શરૂઆતમાં તે એક નાની સમસ્યા જેવું લાગતું હતું, પરંતુ થોડીવારમાં, પરિસ્થિતિ ગંભીર બની ગઈ અને તેમને સાંગલીની એક હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા. આ કારણે લગ્ન મુલતવી રાખવામાં આવ્યા હતા. સ્મૃતિના મેનેજર તુહિન મિશ્રાના જણાવ્યા અનુસાર, જ્યાં સુધી તેના પિતા સંપૂર્ણપણે સ્વસ્થ ન થાય ત્યાં સુધી લગ્ન થશે નહીં. સ્મૃતિના મંગેતર પલાશ મુચ્છલને રવિવારે સાંજે વાઈરલ ઈન્ફેક્શન અને હાઈ એસિડિટીને કારણે ખાનગી હોસ્પિટલમાં જવું પડ્યું. જોકે, કેસ ગંભીર નહોતો.

# 'ગંભીરને ટેસ્ટમાંથી હટાવો, દ્રવિડને પાછો બોલાવો'

**મુંબઇ, તા. 25**

ગુવાહાટી ટેસ્ટમાં ભારત હારની કગાર પર છે. સાઉથ આફ્રિકાએ કોલકાતામાં પહેલી ટેસ્ટ જીતી હતી અને હવે આ બીજી મેચ જીતીને ટીમ સિરીઝમાં 2-0થી ક્લીન સ્વીપ કરવાની નજીક છે. જો આવું થયું તો ગૌતમ ગંભીરના કોચિંગ હેઠળ ભારત 13 મહિનાની અંદર ઘરઆંગણે બીજી વખત ક્લીન સ્વીપ થઈ જશે. 2024માં ન્યૂઝીલેન્ડે ભારતને 3-0થી હરાવ્યું હતું. ટેસ્ટમાં અત્યંત ખરાબ પ્રદર્શન બાદ કોચ ગંભીરની ખૂબ ટીકાઓ થઈ રહી છે. પૂર્વ ભારતીય ક્રિકેટર અતુલ વાસને તો ત્યાં સુધી કહી દીધું કે ગંભીરને ટેસ્ટ ફોર્મેટમાંથી હટાવી દેવા જોઈએ અને તેમની જગ્યાએ રાહુલ દ્રવિડને ફરીથી લાવવા જોઈએ. જ્યારે પૂર્વ સિલેક્ટર સબા કરીમે કહ્યું કે ટીમ ઈન્ડિયા ટેસ્ટ રમવાનું જ ભૂલી ચૂકી છે. આ સ્ટોરીમાં જાણીએ કે ગંભીર ટેસ્ટમાં ક્યાં ભૂલો કરી રહ્યા છે. ગૌતમ ગંભીરના કોચિંગ હેઠળ ટીમ ઈન્ડિયા વ્હાઈટ બોલની જેમ રેડ બોલ ક્રિકેટમાં પણ ઓલરાઉન્ડર્સ પર વધુપડતો ભાર આપવા લાગી છે.

# ધનુષ અને મૃણાલ ઠાકુરની ડેટિંગની ચર્ચાએ જોર પકડ્યું



ધનુષ-મૃણાલ વચ્ચે લાંબા સમયથી ડેટિંગની ચર્ચા

**મુંબઇ, તા. 25**

સાઉથ એક્ટર ધનુષ અને બોલિવૂડ એક્ટ્રેસ મૃણાલ ઠાકુર થોડા સમય પહેલા તેમની લવ લાઈફને લઈને ચર્ચામાં હતા. સમાચાર હતા કે બંને એકબીજાને ડેટ કરી રહ્યા છે. હવે ફરી એકવાર આ બંને તેમના સંબંધોને લઈને ચર્ચામાં આવ્યા છે અને આ વખતે કારણ બંને દ્વારા કરવામાં આવેલી એક કોમેન્ટ છે. વાસ્તવમાં, ફિલ્મમેકર સંજય લીલા ભણસાલીની નવી ફિલ્મ 'દો દીવાને શહર મેં'માં મૃણાલ ઠાકુર અને સિદ્ધાંત ચતુર્વેદી લીડ રોલમાં છે. 21 નવેમ્બરે મેકર્સે ફિલ્મનું પહેલું પોસ્ટર શેર કર્યું, જેના પછી તેના પર ફેન્સની સાથે ઘણા સેલેબ્સે પણ રિએક્શન આપ્યા. આ દરમિયાન ધનુષે કોમેન્ટ કરતા લખ્યું, 'જોવામાં અને સાંભળવામાં સારું લાગી રહ્યું છે.' તેના જવાબમાં મૃણાલ ઠાકુરે રેડ હાર્ટ અને સૂરજમુખીવાળો ઈમોજી પોસ્ટ કર્યો. આ કોમેન્ટ પછી સોશિયલ મીડિયા પર ફરી એકવાર ચર્ચા શરૂ થઈ ગઈ કે ધનુષ અને મૃણાલ ઠાકુર એકબીજાને ડેટ કરી રહ્યા છે. આ પહેલા પણ આ વર્ષે ઓગસ્ટમાં ફિલ્મ 'સન ઓફ સરદાર 2'ના પ્રીમિયર દરમિયાન બંનેના ડેટિંગના સમાચાર સામે આવ્યા હતા.

# 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' ફેમ પ્રિયા આહુજાએ 60 KG વજન સાથે પાવર પ્લેન્કનો રેકોર્ડ બનાવ્યો

**મુંબઇ, તા. 2.5**

કહેવાય છે ને કે એજ ઈઝ જસ્ટ નંબર. જો તમારામાં જુસ્સો અને એને હાંસલ કરવાની ઈચ્છા હોય તો તમે કોઈપણ ઉંમરે કંઈપણ પ્રાપ્ત કરી શકો છો. 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ની 'રીટા રિપોર્ટર' એટલે કે પ્રિયા આહુજા રાજદાએ આ કહેવત સાબિત કરી બતાવી છે. 40 વર્ષીય 'રીટા રિપોર્ટરે' એક નવો રેકોર્ડ પોતાના નામે કર્યો છે. ભલે તે ઘણાં વર્ષોથી સ્ક્રીનથી દૂર હોય, પરંતુ કોઈને કોઈ કારણોસર તે ચર્ચામાં રહે છે. પ્રિયા આહુજાએ ઈતિહાસ રચ્યો પ્રિયાએ પોતાનું નામ એશિયા બુક ઓફ રેકોર્ડ્સમાં નોંધાવ્યું છે. મધરહૂડની સફર અને વધતી ઉંમર છતાં પ્રિયાએ વેઈડ પ્લેન્કમાં રેકોર્ડ બનાવ્યો છે. પ્રિયા ઈચ્છતી હતી કે તે 40 વર્ષની ઉંમરે પોતાના નામે કંઈક હાંસલ કરે.

# 'ધ કેરળ સ્ટોરી' ફેમ અદા શર્મા પર આભ તૂટ્યું, એક્ટ્રેસનાં નાનીનું અવસાન

**મુંબઇ, તા. 25**

'ધ કેરળ સ્ટોરી' ફેમ એક્ટ્રેસ અદા શર્મા પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. એક્ટ્રેસના નાનીનું લાંબી સારવાર બાદ 23 નવેમ્બરના રોજ નિધન થયું છે. તેઓ એક મહિનાથી હૉસ્પિટલમાં દાખલ હતાં.

અદા શર્માના નાની અલ્સરેટિવ કોલાઈટિસ અને ડાઈવર્ટિકુલાઈટિસથી પીડિત હતાં. તેઓ એક મહિનાથી હૉસ્પિટલમાં દાખલ હતાં. લાંબી સારવાર બાદ તેમણે 23 નવેમ્બરે સવારે અંતિમ શ્વાસ લીધાં. અદા નાનીને પ્રેમથી 'પાતી' કહીને બોલાવતી હતી. તેની નાની સાથે ખૂબ લાગણી જોડાયેલી હતી. અદા નાની સાથે અનેક વાર ફોટો અને વીડિયો શેર કરતી હતી. તેના ★પાર્ટીવિથપાતી નામથી આવતા વીડિયો ખૂબ વાઈરલ થયા હતા. જો અદા શર્માએ થોડા મહિના પહેલા જ પોતાની નાનીનો જન્મદિવસ ઉજવ્યો હતો. તેણે આનો એક વીડિયો પણ શેર કર્યો હતો. એક્ટ્રેસે 2021માં એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, તેના નાની અવારનવાર તેની પોસ્ટ પર કોમેન્ટ્સ વાંચે છે અને ઈન્ટરનેટ પર ટ્રોલિંગનો સામનો કરવામાં પણ પાછા હટતા નથી. કે, હજુ સુધી અદા શર્માએ નાનીના નિધન પર કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી. પરંતુ એક્ટ્રેસના નજીકના સૂત્રે 'ફ્રી પ્રેસ જર્નલ'ને જણાવ્યું કે, 'અદા તેની નાનીથી સૌથી વધુ જોડાયેલી હતી. તે પોતાની નાની સાથે રહેતી હતી. તેમના નાની પાછલા એક મહિનાથી હૉસ્પિટલમાં દાખલ હતાં. અદા અને તેમના માતા પોતાના હોમટાઉન કેરલમાં સ્મૃતિ સભાનું આયોજન કરશે.'



# 23 વર્ષ લિવ-ઇનમાં રહ્યા બાદ ટીવીની દેવર-ભાભીની જોડી પરણી!

**મુંબઇ, તા. 25**

ટીવી ઈન્ડસ્ટ્રીના સૌથી લોકપ્રિય કપલમાંના એક, આશ્લેષા સાવંત અને સંદીપ બાસવાના, 16 નવેમ્બરના રોજ લગ્નના બંધનમાં બંધાયા. છેલ્લા 23 વર્ષથી રિલેશનશિપમાં રહેલા આ કપલે વૃંદાવનના ચંદ્રોદય મંદિરમાં એક આત્મીય મેરેજ સેરેમનીનું આયોજન કર્યું હતું, જેમાં ફક્ત નજીકના સંબંધીઓ અને મિત્રો જ હાજર રહ્યા હતા..સંદીપ અને આશ્લેષાએ તેમના લગ્નના લગભગ એક અઠવાડિયા પછી ફોટા પોસ્ટ કરીને તેમના લગ્નની સત્તાવાર જાહેરાત કરી. આ કપલે ફોટાને કેપ્શન આપ્યું, લગ્ન પછી ઈ-ટાઈમ્સ સાથેની એક મુલાકાતમાં, સંદીપે ખુલાસો કર્યો કે તે એપ્રિલમાં વૃંદાવન ગયો હતો, જ્યાં તેને રાધા-કૃષ્ણ મંદિર સાથે ખાસ જોડાણ અનુભવાયું. આ યાત્રાએ તેને 23 વર્ષના સંબંધ પછી લગ્ન કરવા માટે પ્રેરણા આપી. આ જ કારણ છે કે તેઓએ વૃંદાવનમાં લગ્ન કર્યા. સંદીપે એ પણ ખુલાસો કર્યો કે તેના માતા-પિતા આ લગ્નથી ખૂબ ખુશ હતા, કારણ કે તેઓ લાંબા સમયથી તેના લગ્નની રાહ જોઈ રહ્યા હતા. એક્ટરે એમ પણ કહ્યું કે તે લોકોના પ્રશ્નોના જવાબ આપીને કંટાળી ગયો છે કે તે લગ્ન કેમ નથી કરી રહ્યા. આશ્લેષા સાવંત-સંદીપ બાસવાના પહેલી વાર લોકપ્રિય ટીવી શો 'ક્યોંકિ સાસ ભી કભી બહુ થી'ના સેટ પર મળ્યા હતા. આ સીરિયલમાં બંનેએ દેવર અને ભાભીની ભૂમિકા ભજવી હતી.



# ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું ક્વિક કોમર્સ માર્કેટ

## ચીન અને અમેરિકા કરતા ડબલ ઝડપથી દોડી રહ્યું, 5 વર્ષમાં ₹1 લાખ કરોડનું માર્કેટ થશે

**નવી દિલ્હી, તા.25**

ચીન અને અમેરિકા બાદ ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું ક્વિક કોમર્સ માર્કેટ છે. 2024માં અહીં $5.6 બિલિયન (આશરે 50,000 કરોડ)નો બિઝનેસ થયો અને 2030 સુધીમાં આ આંકડો બમણો થઈને $11 બિલિયન (આશરે 1 લાખ કરોડ) સુધી પહોંચી શકે છે.




નોંધપાત્ર રીતે, ટોપ ત્રણ દેશોમાં ભારત સૌથી ઝડપથી વિકાસ પામતો દેશ છે. 2025 અને 2030 વચ્ચે ભારતના ક્વિક કોમર્સનો ગ્રોથ રેટ 15.5% રહેવાનો અંદાજ છે. તેનાથી વિપરીત, અમેરિકા 6.72% અને ચીન 7.9% ના દરે વધવાનો અંદાજ છે.

ગયા વર્ષે, એટલે કે 2024માં, વિશ્વભરની ક્વિક કોમર્સ કંપનીઓને કુલ $2.8 બિલિયન (લગભગ 25 હજાર કરોડ) નું ભંડોળ મળ્યું હતું, જેમાંથી 37% એટલે કે એક તૃતીયાંશ ભારતીય કંપનીઓને મળ્યું હતું.

ઝેપ્ટો, બ્લિંકિટ અને સ્વિગી ઈન્સ્ટામાર્ટ જેવી કંપનીઓ રોકાણકારોની પહેલી પસંદ બની ગઈ છે. 2021થી, આ ક્ષેત્રે $5 બિલિયન (આશરે 45,000 કરોડ) થી વધુ રોકાણ આકર્ષ્યું છે.

ક્વિક કોમર્સ એટલે કે 10 થી 30 મિનિટમાં માલ તમારા ઘર સુધી પહોંચાડવામાં આવે છે. જ્યારે એમેઝોન અને ફ્લિપકાર્ટ જેવી પ્રમાણભૂત ઈ-કોમર્સ સેવાઓ ઘણીવાર ઓર્ડર આપ્યા પછી 1-2 દિવસ કે તેથી વધુ સમય લે છે, ક્વિક કોમર્સ ઘણી ઝડપથી ડિલિવરી કરે છે.

શહેરમાં નાના-નાના ગોડાઉનો બનાવવામાં આવે છે, જેને ડાર્ક સ્ટોર્સ કહેવામાં આવે છે.

આમાં રોજિંદા ઉપયોગની વસ્તુઓ (કરિયાણા, દૂધ, બ્રેડ, નાસ્તો, દવાઓ, મોબાઈલ ચાર્જર, કોસ્મેટિકિસ વગેરે) સામેલ છે.

તમે એપ પર ઓર્ડર આપતાની સાથે જ નજીકના ડાર્ક સ્ટોરમાંથી સામાન પેક થઈ જાય છે.

પછી ડિલિવરી બોય (રાઈડર) તેને 10 થી 30 મિનિટમાં તમારા ઘરે પહોંચાડે છે.

રેડશીયરના અહેવાલ મુજબ, 2024માં 14 કરોડ લોકો ક્વિક કોમર્સનો ઉપયોગ કરી રહ્યા હતા, જે 2030 સુધીમાં વધીને 23.3 કરોડ થવાની ધારણા છે. જ્યારે 70% GMV (કુલ વેચાણ) કરિયાણામાંથી આવે છે, પરંતુ ફેશન, ઈલેક્ટ્રોનિક્સ અને બ્યુટી પ્રોડક્ટ્સમાં પણ ઝડપી એક્સપેંશન થઈ રહ્યું છે.

શહેરી મિલેનિયલ્સ અને ઝેન-Zને ઝડપથી વસ્તુઓની જરૂર હોય છે. અમે ફક્ત કરિયાણાને જ નહીં, કન્વીનિયંસને પણ પ્રાયોરિટી આપી રહ્યા છીએ.

ક્વિક કોમર્સનો ખેલ; 57નો માલ 200માં વેચાઈ રહ્યો છે: ઝેપ્ટો અને બ્લિંકિટ જેવી ઝડપી ડિલિવરી કંપનીઓ વરસાદ અને નાના ઓર્ડરના નામે ચાર્જ વસૂલ કરી રહી છે

ક્વિક કોમર્સ કંપનીઓ ચુપચાપ ગ્રાહકો પર વધારાનો બોજ લાદી રહી છે. આ માટે ડિલિવરી ઉપરાંત હેન્ડલિંગ ચાર્જ, સભ્યપદ ફી, રેઈન ફી, પ્રોસેસિંગ ફી, પ્લેટફોર્મ ફી અને પીક અવર્સ દરમિયાન સર્જ ચાર્જ વસૂલી રહી છે. આ સ્ટાન્ડર્ડ ડિલિવરી અને પ્લેટફોર્મ ચાર્જથી અલગ છે.

જ્યારે આઈટી પ્રોફેશનલ સુરેશે ઝેપ્ટોમાંથી 57 ના નાસ્તાનો ઓર્ડર આપ્યો , ત્યારે બિલ 200 સુધી પહોંચી ગયું. તેમાં 13 હેન્ડલિંગ ચાર્જ, 35 સ્માર્ટ કાર્ટ ફી, 75 ડિલિવરી ચાર્જ અને 1 સભ્યપદ ફીનો સમાવેશ થતો હતો. GSTએ કિંમતમાં વધુ વધારો કર્યો.

# સપ્ટેમ્બર ત્રિમાસિકમાં રિટેલ લોનમાં સૌથી વધુ વૃદ્ધિ ગોલ્ડ લોનમાં જોવાઇ

## સલામત લોન પૂરી પાડવાના ધિરાણદારોના વ્યૂહથી ગોલ્ડ લોનમાં થઇ રહેલો એકધારો વધારો

**મુંબઈ, તા.25**

વર્તમાન નાણાં વર્ષના બીજા ત્રિમાસિકમાં દેશના ધિરાણદારો સલામત ધિરાણ તથા જાણીતા બોરોઅરોને જ લોન પૂરી પાડવા તરફ વળ્યા હોવાનું જોવા મળ્યું છે. એસેટ કવોલિટી તથા જોખમ સંચાલનને ધિરાણદારો પ્રાધાન્ય આપી રહ્યાનું એક રિપોર્ટમાં જણાવાયું હતું. સપ્ટેમ્બર ત્રિમાસિકમાં સૌથી વધુ વૃદ્ધિ ગોલ્ડ લોનમાં જોવા મળી છે. બેન્કો તથા નોન બેન્કિંગ ફાઈનાન્સ કંપનીઓ (એનબીએફસીસ) સલામત ધિરાણ જ પૂરા પાડી રહ્યા છે એટલું જ નહીં નવા બોરોઅરોને ધિરાણ પૂરા પાડવાનું ટાળી રહ્યા છે. વેપારગૃહોને ધિરાણ પૂરા પાડવામાં પસંદગી ધરાવી રહ્યા છે.



વર્તમાન વર્ષના સપ્ટેમ્બર ત્રિમાસિકમાં રિટેલ લોન્સમાં સૌથી વધુ વૃદ્ધિ ગોલ્ડ લોન સેગમેન્ટસમાં જોવા મળી છે. સપ્ટેમ્બર ત્રિમાસિકમાં ગોલ્ડ લોન્સ વાર્ષિક ધોરણે ૩૫.૮૦ ટકા વધી રૂપિયા ૧૪,૫૦,૦૦૦ કરોડ રહી છે જ્યારે ત્રિમાસિક ધોરણે આ વધારો ૮.૬૦ ટકા રહ્યો છે. ગોલ્ડ લોનમાં એસેટ કવોલિટીમાં સુધારો થયો છે કારણ કે તે કોલેટરલ આધારિત છે અને તેના ધોરણો પણ સખત બનાવાયા છે. અનસિકયોર્ડ ધિરાણ પરના ધોરણોને વધુ સખત બનાવાયા છે ત્યારે વ્યક્તિઓ તથા નાના વેપાર ગૃહો ગોલ્ડ સામે લોન લેવાનું વધુ પસંદ કરી રહ્યા હોવાનું રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે. સમીક્ષા હેઠળના ગાળામાં હોમ લોન્સમાં ૧૧.૧૦ ટકા વધારો થઈ તે રૂપિયા ૪૨,૧૦,૦૦૦ કરોડ પર પહોંચી છે. ત્રિમાસિક ધોરણે આ વૃદ્ધિ ૨.૧૦ ટકા છે.

# ધિરાણ માંગને પગલે સીડી મારફત ભંડોળ ઊભું કરવાનો બેન્કોનો વ્યૂહ

## 14 નવેમ્બરના પખવાડિયામાં ₹ 55000 કરોડ ઊભા કરાયા

**મુંબઈ, તા.25**

દેશના બેન્કિંગ ક્ષેત્રમાં થાપણ સામે ધિરાણનું પ્રમાણ ૮૦ ટકા જેટલુ ઊંચુ જોવા મળી રહ્યું છે ત્યારે આગામી ધિરાણ માગને પહોંચી વળવા બેન્કો માટે ભંડોળ ઊભું કરવાનું હાલમાં પડકારરૂપ બની રહ્યું છે. ભંડોળ ઊભા કરવાના વિવિધ સ્રોતો ઉપરાંત બેન્કો સર્ટિફિકેટ ઓફ ડિપોઝિટસ (સીડી) મારફત પણ વધુ ને વધુ નાણાં ઊભા કરી રહી છે.

બેન્કો દ્વારા પ્રમાણમાં નીચા વ્યાજ દર ઓફર કરાતા હોવાથી બચતકારો પોતાની બચત ઊંચા વ્યાજ પૂરા પાડતા સાધનોમાં રોકી રહ્યાનો દાવો કરવામાં આવી રહ્યો છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે ૧૪ નવેમ્બરના પખવાડિયામાં સીડી મારફત રૂપિયા ૫૫૦૦૦ કરોડ ઊભા કર્યા છે જે ૧૯ સપ્ટેમ્બરના




પખવાડિયામાં ઊભી કરાયેલી રકમ બાદ સૌથી ઊંચી રકમ છે.

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ના ડેટા પ્રમાણે, ૧૪ નવેમ્બરના અંતે સીડી પેટેની બાકી પડેલી રકમનો આંક રૂપિયા ૫,૩૪,૬૧૭ કરોડ રહ્યો હતો.

પોતાની ટૂંકા ગાળાની નાણાંકીય જરૂરિયાતને પહોંચી વળવા બેન્કો સીડી મારફત નાણાં ઊભા કરે છે. સાત દિવસથી એક વર્ષની મુદત માટે બેન્કો સીડી જારી કરીને નાણાં ઊભા કરી શકે છે.

અત્રે ઉલ્લેખનિય છે કે ૩૧ ઓકટોબરના સમાપ્ત થયેલા પખવાડિયામાં કમર્સિઅલ બેન્કોમાં થાપણ થી ધિરાણનું પ્રમાણ પહેલી જ વખત ૮૦થી ઉપરના સ્તરે પહોંચી ગયું હતું જે બેન્કો થાપણ ઊભી કરવામાં પડકારોનો સામનો કરી રહી હોવાનું સૂચવે છે. દેશની આર્થિક પ્રવૃત્તિમાં સુધારા સાથે ધિરાણ માગ વધવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે, ત્યારે થાપણમાં મંદ વૃદ્ધિ ધિરાણ માગને પહોંચી વળવાનું મુશકેલ બનાવી શકે છે, જેને પહોંચી વળવા બેન્કો ભંડોળ માટે સીડીનો સહારો લઈ રહી છે.


રિઝર્વ બેન્કના ડેટા પ્રમાણે ધિરાણનો એકંદર આંક ૩૧ ઓકટોબરના પખવાડિયાના અંતે રૂપિયા ૧૯૩.૯૦ ટ્રિલિયન રહ્યો હતો જ્યારે થાપણનો આંક રૂપિયા ૨૪૧.૭૦ ટ્રિલિયન જોવા મળ્યો હતો.

# ટ્રેડ ડીલના નિર્ણય બાદ રૂપિયાની રિકવરીને વેગ મળશે

## જો યુએસ સાથે ટ્રેડ ડીલ અંગે ચિત્ર સ્પષ્ટ થશે, તો ડિસેમ્બરના અંત સુધીમાં તે સુધરીને 88.50 પ્રતિ ડોલરની આસપાસ પહોંચશ

**અમદાવાદ, તા.25**

ગયા શુક્રવારે ડોલર સામે રૂપિયો ૦.૯% ઘટયો હતો, જે આ વર્ષનો બીજો સૌથી મોટો ઘટાડો છે, કારણ કે ટ્રેડ ડીલમાં વિલંબ અને યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં ઘટાડો થવાની અપેક્ષાઓ નબળી પડી હતી. રિઝર્વ બેંક દ્વારા ચલણ બજારમાં નોંધપાત્ર રીતે હસ્તક્ષેપ કરવાથી દૂર રહેવાના નિર્ણયથી રૂપિયામાં ઘટાડો વધુ તીવ્ર બન્યો હતો અને ૯૦ નજીક સરક્યો હતો.



ડોલર રૂપિયાની ટ્રેડ અંગે હાથ ધરાયેલા એક સર્વેમાં, ઉત્તરદાતાઓએ આશા વ્યક્ત કરી હતી કે ડોલર સામે રૂપિયો ૯૦ સુધી તુટી શકે છે, પરંતુ ટ્રેડ ડીલનો નિર્ણય તેની રિકવરીને વેગ આપશે. વર્ષના અંત સુધીમાં રૂપિયો ૮૮ પ્રતિ ડોલર સુધી પહોંચી શકે છે. શુક્રવારે રૂપિયો ૮૯.૪૯ પ્રતિ ડોલર પર બંધ રહ્યો હતો. ૮૮.૮૦ ના સ્તરને તોડયા પછી, રિઝર્વ બેંકે દુર રહેવાનો નિર્ણય લીધો, જેના કારણે સ્ટોપ-લોસ એક્શન શરૂ થયું, અને રૂપિયો દિવસના સૌથી નીચા સ્તરે ૮૯.૫૪ પ્રતિ ડોલર પર આવી ગયો. શુક્રવારે રૂપિયો સૌથી ખરાબ પ્રદર્શન કરનાર એશિયન ચલણ હતું.

જોકે, કેટલાક સહભાગીઓ માને છે કે રૂપિયો નજીકના ભવિષ્યમાં ૯૦ ડોલરના આંકને પાર કરશે કારણ કે નીચે તરફ દબાણ ચાલુ રહેશે. તેઓ માને છે કે વર્ષના અંત સુધીમાં તે ૯૧ સુધી પહોંચી શકે છે. સહભાગીઓએ જણાવ્યું હતું કે ટ્રેડ ડીલ થવાની સંભાવના છે, પરંતુ યેનના અવમૂલ્યન, ફેડ રેટ ઘટાડામાં સંભવિત વિલંબ અને વેપાર ખાધને કારણે રૂપિયામાં વધુ તીવ્ર વધઘટ જોવા મળી શકે છે.

અર્થશાસ્ત્રીઓએ જણાવ્યું હતું કે, એવી આશા છે કે યુએસ ટ્રેડ ડીલ ટૂંક સમયમાં પૂર્ણ થશે, જેનાથી પ્રતિશોધાત્મક ટેરિફ વર્તમાન સ્તરના ૫૦ ટકા ઘટાડશે. આનાથી રૂપિયાને થોડી રાહત મળવાની અપેક્ષા છે. ડિસેમ્બર સુધીમાં રૂપિયો ડોલર સામે ૮૮.૫૦ ની આસપાસ સ્થિર થઈ શકે છે. ચાલુ નાણાકીય વર્ષના છેલ્લા ક્વાર્ટરમાં રૂપિયો મજબૂત થઈ શકે છે, કારણ કે તે સમયગાળા દરમિયાન વેપાર ખાધ સામાન્ય રીતે ઘટતી હોય છે. પરિણામે, ચોથા ક્વાર્ટરમાં રૂપિયો ૮૭.૫૦ થી ૮૮.૦૦ પ્રતિ ડોલર પર રહી શકે છે.

આ વર્ષે રૂપિયો સૌથી ખરાબ પ્રદર્શન કરનાર એશિયન ચલણ રહ્યું છે, જે ડોલર સામે ૪.૩૩ ટકા ઘટયું છે. તાઈવાન ડોલર, થાઈ બાહ્ટ અને મલેશિયન રિંગિટ ડોલર સામે મજબૂત થયા છે. માર્ચના અંત સુધીમાં નિકાસમાં સુધારો થવાની અપેક્ષા છે, જે ચાલુ ખાતાની ખાધ ઘટાડવામાં મદદ કરશે. વેપાર સોદો રૂપિયાને પણ ટેકો આપશે.

અર્થશાસ્ત્રીઓએ જણાવ્યું હતું કે, આરબીઆઈ દરેક તક પર તેના અનામતને વધારવાનો પ્રયાસ કરશે, તેથી રૂપિયામાં નોંધપાત્ર વધારાની અપેક્ષા રાખવી અસ્થાને છે. વિદેશી ચલણ સંપત્તિના સંદર્ભમાં, જૂનના સ્તરથી વર્તમાન અનામતમાં ૩૩ બિલિયન ડોલરનો ઘટાડો થયો છે, જ્યારે કુલ અનામતમાં ૧૦ બિલિયન ડોલરનો ઘટાડો થયો છે. નેગેટિવ ફોરવર્ડ બુકને સમાયોજિત કર્યા પછી, અનામત-થી-જીડીપી ગુણોત્તર ૨૦૧૮ માં તેના સૌથી નીચા સ્તરની નજીક છે. ૧૪ નવેમ્બરના રોજ પૂરા થયેલા સપ્તાહમાં ભારતનું વિદેશી હૂંડિયામણ અનામત ૬૯૨.૫ બિલિયન ડોલર હતું, જે જૂન ૨૦૨૫ સુધીના ૧૧ મહિનાની આયાત અને લગભગ ૯૩ ટકા બાહ્ય દેવાને આવરી લેવા માટે પૂરતું છે.

# સેન્સેક્સ 314 પોઈન્ટ ઘટીને 84,587 પર બંધ : નિફ્ટી 70 પોઈન્ટ ઘટીને બંધ થયો, IT અને મીડિયા શેરોમાં ઘટાડો, રિયલ્ટી અને બેંકિંગ શેરોમાં તેજી

**મુંબઈ, તા.25**

અઠવાડિયાના બીજા ટ્રેડિંગ દિવસે, મંગળવાર, 25 નવેમ્બર, નોંધપાત્ર ઉતાર-ચઢાવ જોવા મળ્યો. સેન્સેક્સ 50 પોઈન્ટ ઘટીને 84,850 પર આવી ગયો છે. નિફ્ટી 30 પોઈન્ટ ઘટીને 25,950 પર છે.




સેન્સેક્સના 30 માંથી 18 શેર ઘટ્યા છે. નિફ્ટીના 50 માંથી 25 શેર નીચા ભાવે ટ્રેડ થઈ રહ્યા છે. રિયલ્ટી, મેટલ અને બેંકિંગ શેરમાં તેજી છે, જ્યારે IT, FMCG અને મીડિયા શેર ઘટી રહ્યા છે.

એશિયન બજાર: કોરિયાનો કોસ્પી 1.09% ઉપર 3,887 પર, હોંગકોંગનો હેંગસેંગ 0.79% ઉપર 25,918 પર અને જાપાનનો નિક્કેઈ 0.39% ઉપર 48,815 પર કારોબાર કરી રહ્યા છે.

અમેરિકન બજાર: 24 નવેમ્બરના રોજ ડાઉ જોન્સ 0.44% વધીને 46,448 પર બંધ થયો. જ્યારે, નાસ્ડેક કમ્પોઝિટમાં 2.69% અને S&Pમાં 1.55%ની તેજી રહી.

24 નવેમ્બરના રોજ વિદેશી રોકાણકારો (FIIs) એ 4,171.75 કરોડના શેર વેચ્યા. જ્યારે સ્થાનિક રોકાણકારો (DIIs - આપણા દેશના મોટા ફંડ્સ) એ 4,512.87 કરોડની ખરીદી કરી. આ મહિને અત્યાર સુધીમાં - FIIs એ 18,012.74 કરોડના શેર વેચ્યા છે. જ્યારે, DIIs એ 58,834.03 કરોડના શેર ખરીદ્યા. આમ, એવું જાણવા મળે છે કે બજારને સ્થાનિક રોકાણકારોનો વધુ ટેકો છે.

સુદીપ ફાર્માના IPOમાં રોકાણ કરવાનો આજે એટલે કે 25 નવેમ્બરના રોજ છેલ્લો દિવસ છે. આ 21 નવેમ્બરના રોજ સબસ્ક્રિપ્શન માટે ખુલ્યો હતો, જે બે દિવસમાં 5.2 ગણો સબસ્ક્રાઇબ થઈ ચૂક્યો છે.

IPOનો પ્રાઇસ બેન્ડ 563 રૂપિયાથી 593 રૂપિયાની વચ્ચે નક્કી કરવામાં આવ્યો છે. લોટ સાઈઝ 14 શેર્સની છે. એટલે કે, રિટેલ રોકાણકારે ઓછામાં ઓછા 14,825 રૂપિયાનું રોકાણ કરવું પડશે. રિટેલ માટે મહત્તમ લોટ સાઈઝ 13 છે. આ માટે 1,92,725નું રોકાણ કરવું પડશે.

અઠવાડિયાના પહેલા કારોબારી દિવસે સોમવાર, 24 નવેમ્બરના રોજ સેન્સેક્સ 331 પોઈન્ટ ઘટીને 84,901 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 109 પોઈન્ટનો ઘટાડો રહ્યો, તે 25,960 પર બંધ થયો.

IT સેક્ટર સિવાય અન્ય સેક્ટર્સમાં ઘટાડો જોવા મળ્યો હતો. નિફ્ટી રિયલ્ટી 2.05%, મેટલ 1.23% અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ 1.15% ઘટ્યા હતા.

# ક્રિકેટર શેફાલી વર્માએ ₹75 લાખની MG સાયબરસ્ટર ખરીદી

## ક્રિકેટ ગ્રાઉન્ડ પર જ ડિલિવરી ઈવેન્ટ યોજાઈ, જાણો 3.2 સેકન્ડમાં 0-100kmphની સ્પીડ આપતી કારના ફીચર્સ અને સ્પેક્સ

**નવી દિલ્હી**

2025 વનડે વર્લ્ડ કપ ફાઈનલમાં ભારતને ઐતિહાસિક જીત અપાવનાર સ્ટાર ખેલાડી શેફાલી વર્માએ ઈલેક્ટ્રિક સ્પોર્ટ્સ કાર MG સાયબરસ્ટર ખરીદી છે. શેફાલીએ સાયબરસ્ટરનો 'એન્ડીઝ ગ્રે' કલર પસંદ કર્યો છે, જે લાલ કલરની કન્વર્ટિબલ રૂફ સાથે આવે છે. ઈલેક્ટ્રિક રોડસ્ટરની કિંમત 75 લાખ રૂપિયા (એક્સ-શોરૂમ કિંમત, પાન ઈન્ડિયા) છે. આ ભારતની પ્રથમ ઈલેક્ટ્રિક સ્પોર્ટ્સ કાર છે, જે ફુલ ચાર્જમાં 520km ચાલે છે. કંપનીનો દાવો છે કે સાયબરસ્ટર 3.2 સેકન્ડમાં 0-100kmphની ઝડપ પકડી શકે છે. ક્રિકેટ ગ્રાઉન્ડ પર ડિલિવરી ઈવેન્ટ યોજાયો હતો, જ્યાં શેફાલીએ રેડ કાર્પેટ પર રિબન કાપીને કાર મેળવી હતી. MG ઈન્ડિયાએ સોશિયલ મીડિયા પર વીડિયો શેર કર્યો, જેમાં શેફાલી કારના કેબિનને એક્સપ્લોર કરતી જોવા મળી



રહી છે. એમજી સાયબરસ્ટર તેના સ્પોર્ટી કન્વર્ટિબલ અને લો સ્લંગ ડિઝાઈનને કારણે ખૂબ જ અલગ દેખાય છે. તેમાં સિઝર ડોર (ઉપર તરફ ખૂલતા દરવાજા) છે, તે ભારતમાં આવા અનોખા દરવાજા ધરાવતી સૌથી સસ્તી કાર છે. ફ્રન્ટ પ્રોફાઈલ: તેમાં પાતળા LED હેડલેમ્પ્સ અને પાંખડી આકારના LED DRL છે, જે તેને શાર્પ લુક આપે છે. ફ્રન્ટ બમ્પરમાં સ્પ્લિટ ડિઝાઈન અને એર ડક્ટ્સ છે, જે એરફ્લોને મેનેજ કરે છે. સાઈડ પ્રોફાઈલ: 20-ઈંચના ડ્યુઅલ-ટોન એલોય વ્હીલ્સ છે. સિઝર ડોર પ્રવેશ અને બહાર નીકળવાનું સરળ બનાવે છે. કારનો પાછળનો ભાગ થોડો ઢાળવાળો આકાર ધરાવે છે. રિયર પ્રોફાઈલ: કનેક્ટેડ એરો-આકારના LED ટેલલેમ્પ્સ છે, જે રિટ્રેક્ટેબલ છત સાથે આવે છે અને પાછળના બમ્પરમાં કાળા રંગનું ક્લેડીંગ છે, જે ઓપન-ટોપ સ્ટાઈલને સપોર્ટ કરે છે. આ કાર 4 ડ્યુઅલ ટોન કલર વિકલ્પોમાં આવશે - ફ્લેર રેડ, ન્યુક્લિયર યલો, એન્ડીસ ગ્રે અને મોર્ડન બેજ. તેમાં ફ્લેર રેડ અને ન્યુક્લિયર યલો કલર સાથે બ્લેક રૂફ હશે, જ્યારે એન્ડીસ ગ્રે અને મોર્ડન બેજ કલર વિકલ્પોમાં રેડ રૂફટોપ મળે છે.

# તેજસ ક્રેશ પછી 2 દિવસમાં HALના શેર 7% ઘટ્યા : ₹4,452માં આવ્યો, દુબઈ એર-શોમાં અકસ્માત થયો હતો, પાઈલટ નમાંશ સ્યાલનું મૃત્યુ થયું

**મુંબઈ, તા.25**


દુબઈ એર-શોમાં તેજસ ફાઈટર જેટ ક્રેશ થયા બાદ, હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL)ના શેર બે ટ્રેડિંગ દિવસોમાં લગભગ 7% ઘટ્યા. કંપનીનો શેર આજે (સોમવાર, 24 નવેમ્બર) 3.11% અથવા 143 ઘટીને 4,452 પર ટ્રેડ થઈ રહ્યો છે.

ટ્રેડિંગ દરમિયાન શેર 4,205.25ના નીચા સ્તરે પહોંચ્યો હતો. અગાઉ, કંપનીનો શેર શુક્રવારે 4,595 અને ગુરુવારે 4,716 પર બંધ થયો હતો.

છેલ્લા પાંચ દિવસમાં, કંપનીના શેરમાં 8% ઘટાડો થયો છે. એક મહિનામાં, શેર 7% ઘટ્યો છે અને છ મહિનામાં, તે 10% ઘટ્યો છે. એક વર્ષમાં, શેર 5% પાછો ફર્યો છે. કંપનીનું માર્કેટ કેપ 3 લાખ કરોડ છે.

દરમિયાન, HAL એ આજે સ્ટોક એક્સચેન્જને આપેલા સત્તાવાર સંદેશમાં જણાવ્યું હતું કે, 'દુબઈ એર શોમાં તાજેતરનો તેજસ ફાઈટર એરક્રાફ્ટ અકસ્માત એક સંપૂર્ણપણે અલગ ઘટના છે, જે કેટલાક અસાધારણ સંજોગોને કારણે બની હતી.'

કંપનીએ કહ્યું, 'અમે તમામ હિસ્સેદારોને ખાતરી આપવા માગીએ છીએ કે આ ઘટનાથી કંપનીના વ્યવસાય, નાણાકીય કામગીરી અથવા ભવિષ્યમાં વિમાન ડિલિવરી પર કોઈ અસર પડી નથી. કંપની તપાસ એજન્સીઓને સંપૂર્ણ સહકાર આપી



રહી છે. જો આ મામલે કોઈ મહત્વપૂર્ણ અપડેટ્સ હશે, તો અમે તાત્કાલિક તમામ સંબંધિત પક્ષોને જાણ કરીશું.'

શુક્રવારે બપોરે લગભગ 2:10 વાગ્યે (ભારતીય સમયાનુસાર 3:40 વાગ્યે), દુબઈ એર શોના અંતિમ દિવસે, એક હવાઈ પ્રદર્શન ચાલી રહ્યું હતું, જેમાં ભારતીય વાયુસેનાના તેજસ ફાઈટર જેટે ઓછી ઊંચાઈએ કવાયત કરી હતી.

અચાનક, તેની ઊંચાઈ ઘટી ગઈ, અને થોડી જ સેકન્ડોમાં, વિમાન જમીન પર તૂટી પડ્યું. વિમાનમાં વિસ્ફોટ થયો અને તેમાં આગ લાગી. પાઈલટ, વિંગ કમાન્ડર નામનાશ સ્યાલનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું.

સેન્ટ્રમ બ્રોકિંગના નિલેશ જૈને જણાવ્યું હતું કે, 'શેરના ટેકનિકલ ચાર્ટ પહેલાથી જ નબળાઈ બતાવી રહ્યા હતા. MACD એ પહેલાથી જ વેચાણનો સંકેત આપ્યો હતો. હવે, આ ઘટના સેન્ટિમેન્ટને વધુ ખરાબ કરશે, જેના કારણે શેરમાં વધુ ઘટાડો થઈ શકે છે.'

દરમિયાન, યા વેલ્થ ગ્લોબલ રિસર્ચના ડિરેક્ટર અનુજ ગુપ્તાએ જણાવ્યું હતું કે, 'આ શેર હાલમાં નીચે તરફ વલણ ધરાવે છે. 4,350ની આસપાસ મજબૂત સપોર્ટ અને 5,000 પર પ્રતિકાર છે. સ્ટોક આ રેન્જમાં રહેવાની શક્યતા છે. તેથી, 4,350ની આસપાસ ખરીદી શક્ય છે.'

તપાસ રિપોર્ટ આવે ત્યાં સુધી શેર દબાણ હેઠળ રહી શકે છે. મોટાભાગના નિષ્ણાતો માને છે કે જો તપાસમાં કોઈ મોટી ટેકનિકલ ખામી બહાર ન આવે, તો શેર ઝડપથી સુધરવાની શક્યતા છે.

HALની ઓર્ડર બુક લાંબા સમયથી મજબૂત છે, 400 થી વધુ તેજસના ઓર્ડર પાઈપલાઈનમાં છે. તેથી, રોકાણકારોએ ગભરાવાની જરૂર નથી.

ભારતીય વાયુસેનાએ એક નિવેદન બહાર પાડીને અકસ્માતની પુષ્ટિ કરી અને ક્રેશનું કારણ નક્કી કરવા માટે કોર્ટ ઓફ ઈન્ક્વાયરીની રચનાની જાહેરાત કરી. HALએ પણ શોક વ્યક્ત કર્યો અને કહ્યું કે તેમની સંવેદના વાયુસેના અને શહીદ પાઈલટના પરિવાર સાથે છે.

માર્ચ 2024માં રાજસ્થાનના જેસલમેરમાં પણ એક તેજસ ક્રેશ થયું હતું, પરંતુ પાઈલટ સુરક્ષિત રીતે બહાર નીકળી ગયા હતા. 20 મહિનામાં આ બીજો અકસ્માત છે.

**પશ્ચિમ રેલવે**
**અમદાવાદ મંડળ**

**લેવલ ક્રોસિંગ ગેટ નાબૂદી સાથે જોડાણમાં ઉપયોગિતામાં ફેરફાર**

**ટેન્ડર નં. DRM-SnT-ADI-Tele03 of 25-26** DRM/S અને T ને આમંત્રણ આપી રહ્યા છે. ભારતના રાષ્ટ્રપતિ 25-26 ના ટેન્ડર નં. DRM-SnT-ADITele03 સામે ઈ-ટેન્ડર આમંત્રિત કરી રહ્યા છે. અંતિમ તારીખ/સમય 22/12/2025 15:00 કલાકે બિડર્સ તેમની મૂળ/સુધારેલી બિડ ફક્ત અંતિમ તારીખ અને સમય સુધી જ સબમિટ કરી શકશે. આ ટેન્ડર સામે મેન્યુઅલ ઓફરને મંજૂરી નથી, અને પ્રાપ્ત થયેલી કોઈપણ મેન્યુઅલ ઓફરને અવગણવામાં આવશે. **(1) કાર્યનું નામ:** અમદાવાદ વિભાગના રાધનપુર વિભાગના વિવિધ સ્થળોએ ROB અને ખાડા-રહિત ઈલેક્ટ્રોનિક ઈન-મોશન વજન પુલના નિર્માણ દ્વારા લેવલ ક્રોસિંગ ગેટને દૂર કરવાના સંદર્ભમાં ઉપયોગિતા સ્થળાંતર. **(2) કાર્યની અંદાજિત કિંમત:** રૂ. ૨,૨૨,૬૦,૯૩૫.૨૮/- (બે કરોડ બાવીસ લાખ સાહિઠ હજાર નવસો પાંત્રીસ પૈસા માત્ર) **(3) અર્નેસ્ટ મની ડિપોઝિટ:** રૂ. ૨૬૧૩૦૦.૦૦/- (રૂપિયા બે લાખ એકસઠ હજાર ત્રણસો માત્ર) **(4) બંધ કરવાની તારીખ અને સમય:** ૨૨.૧૨.૨૦૨૫ ના ૧૫:૦૦ કલાક પછી નહીં **(5) ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** ૨૨.૧૨.૨૦૨૫ ના ૧૫:૩૦ કલાકે ખુલશે. **(6) ઇ-ટેન્ડરિંગની વેબસાઇટ:** **www.ireps.gov.in**
ADI 211
અમને લાઇક કરો: facebook.com/WesternRly

युवा कार्यक्रम एवं खेल मंत्रालय MINISTRY OF YOUTH AFFAIRS AND SPORTS · सत्यमेव जयते ગુજરાત સરકાર · my ભારત

"હર ઘર સ્વદેશી, ઘર-ઘર સ્વદેશી"



## ચાલો, એકતાનો સંદેશ પ્રસરાવીએ - રાષ્ટ્રના ઉત્કર્ષ માટે સમર્પિત થઈએ

સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મ જયંતીના અવસરે આયોજિત

સરદાર@150

# યુનિટી માર્ચ

એક ભારત, આત્મનિર્ભર ભારત

રાષ્ટ્રીય પદયાત્રા પ્રસ્થાન સમારોહ

**26 નવેમ્બર 2025, બુધવાર**
**સવારે 09:00 વાગે**

શાસ્ત્રી મેદાન, વલ્લભ વિદ્યાનગર, જિ. આણંદ

:: વર્ચ્યુઅલ ઉપસ્થિતિ ::

**શ્રી નરેન્દ્ર મોદી**
માનનીય વડાપ્રધાન

:: મુખ્ય મહેમાન ::

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

**શ્રી માણિક સાહા**
માનનીય મુખ્યમંત્રી, ત્રિપુરા

:: વિશેષ ઉપસ્થિતિ ::

**ડૉ. મનસુખ માંડવિયા**
માનનીય કેન્દ્રીય મંત્રી, ભારત સરકાર

**શ્રીમતી નિમુબેન બાંભણીયા**
માનનીય કેન્દ્રીય રાજ્ય મંત્રી, ભારત સરકાર

**શ્રી જગદીશ વિશ્વકર્મા**
માનનીય ધારાસભ્ય, નિકોલ

**શ્રી જીતુભાઈ વાઘાણી**
માનનીય મંત્રી, ગુજરાત

## :: પદયાત્રાની મુખ્ય વિશેષતાઓ ::

સરદાર સાહેબના એકતા અને શિસ્તના મૂલ્યોને જન-જન સુધી પહોંચાડતી 182 કિમી લાંબી પદયાત્રા

દેશવ્યાપી જનસહભાગિતાથી સજ્જ રાષ્ટ્રીય પદયાત્રાનો આરંભ

યાત્રામાર્ગમાં સાંસ્કૃતિક કાર્યક્રમો, પ્રદર્શન, સરદાર ગાથા અને ગ્રામસભા

યુવાનો, મહિલાઓ, વિદ્યાર્થીઓ તથા સમાજના દરેક વર્ગનું જોડાણ



"એકતા અને અખંડિતતાના આ પવિત્ર પર્વને આપણે સૌ સાથે મળીને સફળ બનાવીએ.
'યુનિટી માર્ચ' પદયાત્રા ઉત્સાહ, ઉમંગ અને દેશભક્તિની ઊર્જાની ત્રિવેણી બનશે"

- શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

:: વધુ માહિતી માટે ::
/SARDAR150YATRA SARDAR150.IN

